Barcode - 99999990867710
Title - Amulya Motini Mala
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 135
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 086771

શ્રી. ઈ. ઈ. મિત્રમંડળ માટે-

ઈ. ઈ. મિત્ર
ળની પમી
બેટ.

પદ કર્તા.

ાસતર

ના૦

# અમૂલ્ય મોતીની માળા.

પ્રગટ કરનાર
ધી શ્રી. ઈ. ઈ.
મિત્ર મંડળ.

જુ૦-૮-૧૯૧૭.

પ્રત ૧૫૦૦

૭૧[illegible]
[illegible] વિદ્યાપીઠ ગ્રં[illegible]

# અમુ[illegible] મોતીનાં માળા
## ભાગ [illegible] [illegible]સંગ્રહ

| નાં. | વિષય. | પાન |
| --- | --- | --- |
| ૧૨. | ધારમિક ફરજ. | |
| ૧૩. | મોસ્તરીયો, ભકતો તથા વાએજ કાહનારાઓને | ૧૪ |
| ૧૪. | રાજ્ય પ્રત્યે વફાદારી | |
| ૧૫. | નિતિસરનું વરતન. | |
| ૧૬. | મોમનનાં લક્ષણ. | |
| ૧૭. | ઇમાન. | ૩૬ |
| ૧૮. | મજહબની કેળવણી. | ૪૮ |
| ૧૯. | કુરાને શરીફ. | ૫૧ |
| ૨૦. | આદાયત (ફાંગવા). | ૫૦ |
| ૨૧. | જન્નતનાં બહેસ્ત. | ૬૨ |

# અમુલ્ય મોતીની માળા
## ભાગ પહેલાનું સાંકળીયું.


| આંક. | વિષય. | પાનું. |
|---|---|---|
| ૧. | સંપ. | ૧ |
| ૨. | દયા. | ૫ |
| ૩. | વ્યસન. | [illegible] |
| ૪. | બાળલગ્ન તથા વિવાહ પ્રસંગ. | ૮ |
| ૫. | કેળવણી. | ૯ |
| ૬. | માબાપની કન્યા તરફ ફરજ. | ૧૯ |
| ૭. | માબાપોની બાળકો તરફ ફરજ. | ૨૮ |
| ૮. | પુરૂષોની ફરજ. | ૩૦ |
| ૯. | સ્ત્રીની ફરજ. | ૩[illegible] |
| ૧૦. | બચ્ચાંની ફરજ. | ૪૦ |
| ૧૧. | અમલદારીઓને. | ૪૭ |

# અમુલ્ય મોતીની માળા
# ની કિંમત.

" જ્યારે હું ફરમાન માટે મોઢું ઉઘાડું છું ત્યારે મોતીના ઢગલા આપું છું, પણ પરિક્ષા કરનાર મોમન હોય તેજ તે મોતીઓની કિંમત સમજી શકે છે. અને સમજે છે કે તેઓને શું ચીજ મળી છે. "

(રાજકોટ તા૦ ૨૧-૧૦-૦૩)

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૭૧૮૮ वर्गांक

पुस्तकनुं नाम મનુષ્યમાં જાનીમાના

विषय ૫૭૨૩:૫

# હાજર ઈમામ

હીઝ હાઇનેસ

## સર સુલતાન મહુમદ શાહ

ની ૪૦ મી વરસગાંઠની મુબારકી

ની યાદ તરીકે શીયા ઇમામી

ઇસમાઇલી દીન બંધુઓને

**લખાભાઇ મહુમદ**

કલકત્તાવાળા તરફથી

આ બુકની પ્રત ૧૨૦૦૦

**ભેટ !**

તા૦ ૧૪ આગષ્ટ ૧૯૧૭.

# અમારી અપીલ નં. ૧

## મુંબઇમાં શીયા ઇમામી ઇસમાઇલી મુસાફરખાનાની જરૂરીયાત.

**હા**જર ઇમામની પધરામણી વખતે હજારો માણસ દીદાર કરવા મુંબઇ આવે છે, તેમજ મુંબઇ હિંદુસ્તાનનું બારૂં હોવાથી હજારો ઇસમાઇલી દીન બંધુઓની આવ જા થાય છે. તેમને ઉતારા માટે એક મુસાફરખાનાની ઘણીજ જરૂર છે. જે તરફ દરેક માનવંત ગ્રહસ્થનું ધ્યાન ખેંચવામાં આવે છે. કારણ કે હાજર ઇમામનું ફરમાન છે કે:—

" મારા કરતાં તમો દીન બાઇઓની

ખીજમત કરશો તો અજબ સવાબ હાંસલ થશે.”

આ અપીલ ઉપર કોમના અગ્રેસરો ધ્યાન આપી આ કાર્ય માટે એક કમીટી સ્થાપશે અને કોશેષ કરશે એવી આશા છે.

## અમારી અપીલ નં. ૨

### મુંબઇમાં શી. અ. ઇ. ધારમીક કેળવણી સાથની હાઈ-સ્કુલની જરૂર ! !

કેળવણી એ જનનું કોમનું ને દેશનું ભુષણ છે. મુંબઇ ખાતે ઇસ્માઈલી હાઈ સ્કુલ નથી એ શોચનીયછે, કારણ કે તેની ગેરહાજરીમાં કોમના હજારો જુવાની

થા કુંક પગારમાં પેટ ભરી ખાય છે. કોમના શ્રીમંત વગ તથા અગ્રેસરો પાસે નમ્ર અરજ છે કે આ તરફ તાત્કાળીક ધ્યાન આપી આ માટે પગલાં ભરશે.

## અપીલ નં. ૩

### શી૦ હ૦ હ૦ ઓર્ફનેજની જરૂર !!

આંપણી કોમના યતીમ બાળકો કેળવણી વિના ભટકે છે. તેમને રસ્તે ચડાવવા અને કેળવણી આપવા, તેમજ કેટલાએક ગરીબ મા બાપોનાં બચ્ચાંઓને કેલવણી લેવાની ઘણીજ હાડમારી નડે છે તે દુર કરવા, મોટા પાયા ઉપર શી૦ હ૦ હ૦ દીનના ધમ સાથેની એક ગંજાવર ઓરફ-

તેજની જરૂર છે કારણ કે હાજર ઇમામ નું ફરમાન છે કે:—

"જેઓ બે દીન થઇ જાય છે તેના અરધા ગુનાહ તેના મા બાપને સીર છે, કે તેઓએ પોતાનાં બચ્ચાંને ધાર્મીક કેલવણી આપી નહિ. તેમજ અરધા ગુનાહ જમાતના મુખી તથા કામડીઆ તથા નાતના અગ્રેસર તથા શ્રીમંત ગ્રહસ્થોને શીરછે કારણકે તેઓએ તે બાળકનું ધ્યાન આપ્યું નહિ."

તે મુજબ અમારી આ અપીલ ઝટ ધ્યાનમાં લઇ આ ખાતા માટે કોમનાં અગ્રેસરો જલદી પગલા લેશે એવી આશા છે.


# અપીલ નં. ૪

## શ્રી૦ ઇ૦ ઇ૦ બાઇયો તથા ભાઇઓને નમ્ર વિનતી.

તમારા કપડાં માટે તમારા મોજ શોખ માટે તમારાં સુખને માટે તમો લાખો રૂપીયાઓ ખુમાઉ કરો છો, તો તમારી કોમના નિરાધાર, ગરીબ, બીન કેળવાયેલ, બચ્ચાઓ માટે કાંઇ નહિ કરો ? ! !

તેઓને કેળવવા માટે સ્કોલરશીપો આપો નું તેમને મદદ કરો, તેમને ધધે લગાડો જેમ આપ મોજ શોખ અને સુખ માણો, તે તે પણ ભોગવે. (આનંદ)

# H. H. AGAKHAN.



"હું હમેશાં તમારી ફીકર કરૂં છું."

(પારીસ તા. ૨૫-૪-૧૯.)

[illegible], Bombay 4.

# અમુલ્ય મોતીની માળા.

## યાને

## હાજર ઇમામના કિમતી બોધનો ઝરો.

---

### (૧) સંપ.

એકજ માતાના જન્મેલઃ ફરજંદ હો, તે પ્રમાણે હળી મળી ચાલજો.

(જંગબાર તા૦ ૧૦-૯-૧૮૯૯.)

*   *   *   *

જ્યારે તમે જમાઅતમાં દુઆ પડોછો તે વખતે "શાહ દીદાર" નો પંજો આપોછો તે તમારા એક બીજાનાં દિલમાં જુદાઇ

હોય અને પંજો આપો તો શું ફાયદો ? બાજુમાં દુશ્મન હોય તેને પણ તે વખતે પંજો આપવો જોઇએ. માટે હું તમોને ફરમાવું છું કે કોઇથી પણ દુશ્મની ન કરવી.

જંગબાર તા૦ ૧૭–૯–૧૯૦૫.)

* * * *

તમે જે મારી જમાઅત છો તેઓ પોતપોતામાં એક દિલોથી ચાલજો, એક બીજાનાં કામમાં મદદ કરજો...એક બીજા ઉપર મહોબત રાખજો. જો તમે પંજેભાઇઓમાં એક સંપીથી ચાલશો તો તમોને કોઇ લોપી નહિ શકે.

(જંગબાર તા૦ ૧–૭–૧૮૯૯)

* * * *

જમાઅત મારૂં મન છે તેમાં કાંઇ દુઃખે તો મને વસમુ લાગે છે. તમારા પોતામાં અદાવત હોય તે મને વસમું લાગેછે. તમે. મારૂ અંગ છો તેથી તમારામાં અદાવત હોય તો મારાં અંગમાં ઇજા થાય છે; જેમ મારૂં માથું દુઃખે અથવા અંગમાં બીજે ક્યાંઇ દુઃખે તેમ વસમું લાગે છે.

(જંગબાર તા૦ ૧૧-૯-૧૮૯૯.)

મોમન, મોમન વચ્ચે હમેશા એક દિલી તથા સંપ રાખવો.

(જંગબાર તા૦ ૧૬-૯-૧૮૯૯.)

*　　*　　*　　*

જેમ સગા ભાઇઓ હોય તે પ્રમાણે કરવું જોઇએ. સગા ભાઇઓ જેવા થઇને

ચાલો તો હું ખુશી થાઉં.

(ભાગામોયા તા૦ ૨૨-૮-૧૮૯૯.)

*   *   *   *

જ્યાં જ્યાં તમે પોત પોતામાં ફીતના તથા ફીસાદ જુઓ ત્યાં ત્યાં મહેનત લઇને સુલેહ સંપ કરાવો.

(જંગબાર તા૦ ૨૪-૮-૧૯૦૫.)

તમે પંજેભાઇઓ સર્વે એક દિલથી ચાલજો પોત પોતામાં કયારે પણ બેદિલી નહિ કરશો, જુદાઇ નહિ રાખશો.

(જંગબાર તા૦ ૩-૯-૧૯૦૫,)

*   *   *   *

ખરાબમાં ખરાબ કામ એ છે કે એક બીજામાં દુશ્મની રાખવી. જે શખ્સ દુશ્મ-

ની ફરતો હશે તેનું ઉમાન હળવે હળવે જતું રહેશે.

(મુંબાસા તા૦ ૧૨-૧૧-૧૯૦૫.)

## (૨) દયા.

તમારાં અંગમાં પહેલાં સોય મારી જુઓ, જો તમોને ઈજા થાય છે તો બીજાને શા માટે મારો છો?

(જંગબાર તા૦ ૩૧-૮-૧૮૯૯.)

* * * *

કોઇ ઉપર ગઝબ ન ફરવો જોઇએ, હમેશા દયા રાખવી જોઇએ.

(બાગામોયા તા૦ ૨૨-૬-૧૮૯૮.)

* * * *

કોઇને માર મારવી, કોઇને દુઃખ દેવું, કોઇને નુકશાન પહોંચાડવું, કોઇને આજુરદહ કરવો અથવા કોઇનાં સગાં વ્હાલાંમાં કે સ્ત્રીઓમાં ફીતના નંખાવવા એ હરામ છે.

(દારસસલામ તા૦ ૨૭-૯-૧૮૯૯.)

## (૩) વ્યસન.

**અફીણ**—જુવાનીમાં ઘણા માણસો અફીણ ખાય છે જેથી તેઓનું શરિર સુકાઇ જાય છે. અફીણનો નીશો ૨ કલાક ૫ કલાક ખુશ લાગે છે પણ હરામ છે કારણકે પયગમ્બરે તેને હરામ કીધું છે.

દુનીયામાં શરાબ, ભાંગ, અફીણ પીશો તો પેલી દુનીયામાં ઘણો આઝાબ થશે, જો ડાક્ટર કે હકીમ દવા તરીકે થોડું ખાવા ફરમાવે તો તેના કહ્યા માફક ખાવામાં અડચણ નથી, પણ હકીમ કે ડાક્ડરના હુકમ વગર ખાશો તો આખરતમાં પુછ પુછ લેવામાં આવશે.

શરાબ પીને મસ્ત થાય તેને લાકડીઓ મારવામાં આવે ત્યારે તે ગુનાહ માફ થાય. હાલ લાકડીઓ મારવાનો જમાનો નથી, પરંતુ જમાઅતખાનામાં આવી તોબા કરે, બંદગી કરે, રાતનાં જાગરણ કરે, તસબીહ કહાડે, ઇબાદત કરે ત્યારે ખુદાવંદતાલા

ગુનાહ માફ કરે.

(જંગબાર તા૦ ૩૧-૮-૧૮૯૯)

---

## (૪) મઇયત તથા વિવાહ પ્રસંગ.

તમારામાં કોઇ ગરીબ ખોજો હોય તેને ૧૦૦ વરસ પુરાં થયાં અર્થાત ગુજરી ગયો તો તેનાં મઇયતમાં જવું. મોમનને ગરીબ કે પઇસાદાર કોઇ વધારે નથી.... તમારામાં કોઇ ગરીબ મરી જાય તો તેનાં મઇયતમાં સર્વે જણાએ જવું. દીનભાઇ-નાં મઇયતમાં એક કદમ ચાલશો તો ઘણો સવાબ છે. * * * * કોઈ ગરી-બ વિવાહ કરે તો જેમ પઇસાદારને ઘેર

જાઓ છો તેમ ગરીબને ઘેર પણ જાઓ. તેને ખરચ કરાવવો ઠીક નથી, તેને ખરચ કરાવવો એ મહોબત નથી એતો દુશ્મની. થઇ.

(જંગબાર તા૦ ૧૬-૯-૧૮૯૯)

## (૫) કેળવણી.

આપણા દીન ધરમની ચોપડીઓ બચ્ચાના હાથમાં આપો, જેથી બચ્ચાં પડે તથા હુશીયાર થાય.

(સુરત તા૦ ૧૨-૯-૧૯૦૩.)

* * * *

બચ્ચાંઓને ખાસ દીન ઇલ્મ જ્ઞાનની

## કેળવણી આપવી જોઇએ.

(રાજકોટ તા૦ ૨૧-૧૦-૧૯૦૩)

* * * *

નાનાં બચ્ચાંઓ માટે "ઇમામી ઇસ-માઇલી નિશાળ" એવાં નામથી સ્કુલ ઉઘાડો અને તેનો ખરચ સરકારી પઇસામાંથી કરજો. એ નિશાળમાં તમારાં બચ્ચાંને રોજ ભણવા મોકલજો. નિશાળને માટે એક એવો માસ્તર રાખવો કે જે સિંધી ભાષા તથા ધરમ ગ્નાન સાથે ગુજરાતી ભાષા તથા હિસાબ પણ શીખવી શકે. આવો માસ્તર રાખવાથી બચ્ચાંઓ ધરમ શીખવા ઉપરાંત, દુનીયાનો ઇલમ પણ મેળવશે. માસ્તર હુશીયાર હોવો જોઇએ, તેમ રૂહાની ઇલમ-

થી પણ વાકેફગાર હોવો જોઇએ.

(કચ્છ નાગલપુર તા૦ ૨૯-૧૧-૧૯૦૩.)

*        *        *        *

તમારાં નાનાં બચ્ચાંને પણ નસીહત કરો કે તેઓ પણ રોજ જમાતખાનામાં આવે. બાળકોને તમારી સાથે જમાઅત-ખાનામાં તેડી આવો, તેમને ગ્નાનની તાલીમ આપો અને મજલસમાં તેડી આવો. તેમની પાસે જુદી મજલસ પણ કરાવો.

(કછ કેરા તા૦ ૧-૧૨-૧૯૦૩)

*        *        *        *

ઇસમાઇલી દીનનું ગ્નાન શીખવવા માટે સ્કુલો સ્થાપવી તેમાં ઘણો ફાયદો છે. દીન તથા દુનીયામાં તેનો ફાયદો મળશે.

બચ્ચાંને ઈલમ શીખવવું તેમાં બધા કરતાં ઉત્તમ ફાયદો છે.

(જંગબાર તા૦ ૧૬-૮-૧૯૦૫)

*　　*　　*　　*

સ્કુલ ખાતે માસ્તરને મારા તરફથી પગાર આપવા છતાં તમે મહેનત લઇને સ્કુલ ચાલુ કરવામાં સુસ્તી કરશો તો હું ઘણોજ દીલગીર થઇશ અને હવે પછી ચાલુ થએલી સ્કુલને જો તોડી નાંખશો તો તે તોડનાર ગમે તેવો મોટો હશે, તોપણ તેને હુદ્દામાંથી હું કાઢી નાંખીશ અને સ્કુલ તુટી જવા વિષે જમાઅત પાસે હું જવાબ માંગીશ. જે અમલદારીની ભુલ જોવામાં આવે તેને ઘેર બેસાડી રાખે. જે

અમલદારી મારા કાયદા તોડે તેને કાઢી નાંખો અને તેના બદલામાં બીજાને બેસાડો સ્કુલ ચાલુ રહેવામાં જે રાજી હશે તેનુ ઘર ખુદાવંદે કરીમ આબાદ કરશે. તેનો માલ તથા ઓલાદ આબાદ કરશે તેનો માલ તથા ઓલાદ આબાદ રહેશે. પણ જેઓ સ્કુલને તોડી પાડશે તેનું ઘર ખુદાવંદ તોડી પાડશે, સ્કુલ તોડનાર બરબાદ થઇ જશે, સ્કુલ ખાતે નીમાએલ માસ્તરને સ્કુલ સિવાય બીજુ કામ ગુલામગીરી તરીકે બતાવવું નહિ. કેળવણીનું કામ બજાવવા-ની તેની ફરજ છે. હું સ્કુલને માટે કેટલી મહેનત કરી શરૂ કરાવુ છું, તમે તેને તોડી નાંખો તો શું ફાવદો ? એ કામ તે

મારૂ ફરમાન તોડવા જેવું છે અગર તમારાં ગામમાં માસ્તર મળી. ન શકે તો બીજે ઠેકાણેથી બોલાવો પણ તમારાં બાળકોને ઇલમ શીખવાની સંભાળ રાખો. ઘણી દીલગીરીની વાત છે કે તમારામાંથી કોઇ પણ ધરમનાં કામ માટે આગળ પડતો નથી...સ્કુલમાં શીખનારાં મારાં વ્હાલાં બચ્ચાં છે, તેઓની તમે સંભાળ રાખો અને તેમને ઇસમાઇલી દીનનું શિક્ષણ આપો...સ્કુલ ઉપર મારો ઘણોજ પ્યાર છે સ્કુલ ચાલુ થવા પછી તમે બંધ રાખો છો ત્યારે મને ઘણો ગુસ્સો ચડે છે. એતો મારી બેફરમાની કરેલી કહેવાય.

(તા૦ ૨૨-૮-૧૯૦૫)

* * * *

બચ્ચાને આપણા ઇસમાઇલી દીનનાં જ્ઞાન તથા માયના સમજાવજો, જે સ્કુલ સિંધી જ્ઞાન ઇલમ શીખવવા માટે ખોલવામાં આવી છે તેમાં બચ્ચાંને હમેશા મોકલજો. છોકરાઓ સ્કુલમાં સિંધી, ગુજરાતી તથા હીસાબ શિખે તથા છોકરીઓ જ્ઞાન, ઇલમ તથા ભરત કામ શીખે.

(જંગબાર તા૦ ૨-૯-૧૯૦૫)

*    *    *    *

તમારાં નાનાં બચ્ચાંને સિંધી સ્કુલમાં મોકલી ઇલમ શીખાવશો તો જ્યારે તેઓ મોટા થશે ત્યાર શેતાનની બાજી નહી ખાય.

(જંગબાર તા૦ ૨-૯-૧૯૦૫)

*    *    *    *

બચ્ચાંઓ માટે સ્કુલો ખોલવી જોઇએ અને તેમાં જ્ઞાન શાસ્ત્રની માહિતી તેઓને આપવી જોઇએ. તમારાં બચ્ચાંને નિશાળે જરૂર મોકલજો. ચાલુ થએલી સ્કુલ ફરીથી તુટી જવી નહિ જોઇએ એવી અમલદારીઓને ભલામણ છે.

(નઇરોબી તા૦ ૩૧-૧૦-૧૯૦૫)

*　　*　　*　　*

બચ્ચાંઓને દીન, કલમ, દુઆ, જ્ઞાન, ફરમાન, ત્વારીખ વગેરેની કેળવણી આપવી અને તેઓને દીન ઉપર મજબુત કરવાં.

(રાજકોટ તા૦ ૨૦-૨-૧૦)

*　　*　　*　　*

છોકરીયોની માતાને ને છોકરીયોના બાપને બધાંને હુકમ કરૂં છું કે આ સ્કુલ-માં પોતાની બચીઉને યાને છોકરીયોને જરૂર મોકલવી જેની હું એના ઉપર ફરજ મુકું છું.

પંજેસાહને હું ફરમાવું છું કે તમારી બચીઉ કે તેને બધીને સ્કુલમાં મોકલજો આપણી મસમાઇલીની છોકરીયો એવી કોઈ પણ નહિ હોવી જોઇએ કે જે ભણેલી કે શીખેલી નહિ હોય.

(ડોંગરી મહોલા મુંબઇ તા૦ ૧૮-૨-૧૯)

* * * *

તમારી છોકરીયોને સ્કુલમાં મોકલો

૧૨-૧૩-૧૪ વરસની છોકરીયોને સ્કુલમાં મોકલો, નાની છોકરીયુંને યાને ૧૦ વરસની છોકરીયોને ઉઠાડી લો તેમાં શું ફાયદા? ...બીજું હું સાંભળું છું કે સ્કુલમાં ટીચરો એટલે શીખાવનાર માસ્તરો બરાબર નથી તે કાઉનસીલ તપાસ કરીને સારા રાખવા માટે બંદોબસ્ત કરશે.

(મોટા જમાતખાના મુંબઈ ૧-૩-૧૫)

* * * *

જો એક મા બાપનાં ૨ બચ્ચાં જેમાં છોકરો અને એક છોકરી હોય અને તેઓની સ્થીતિ એવી હોય કે બન્નેને કેળવણી આપી શકતાં ન હોય તો છોકરાના કરતાં છોકરીને કેળવણી આપવા માટે જરૂરીયા-

ત છે કેમકે તેની ઉપર કોમની ઉન્નતીનો મુખ્ય આધાર છે

(મોટા જમાતખાના મુંબઈ ૨૪-૩-૧૫.)

---

## (૬) માબાપની કુન્યા તરફ ફરજ.

તમે દીકરીને માવતરે બેસાડી રાખો છો એ મોટું પાપ છે, દીકરીયોને સાસરે મોકલો તો ઓલાદનો વધારો થાય. માવિતરને ઘેર બેસાડી રાખવાથી તેની ઓલાદ વધતી નથી એ કેટલા ગુનાહ છે? છોકરી ૧૪-૧૫ વરસની ઉમ્મરની થાય કે તેને સાસરે મોકલી આપવી. આવા ગુનાહ કરવાથી વરસાદ આવતો બંધ પડે છે અને

બરકત ઉડી જાય છ...તમે દીકરીયોની શાદી નાનપણુમાં કરો છો, છતાં તેને ઘણી મોટી ઉમ્મર સુધી સાસરે મોકલતા નથી, તેથી અઝીમ ગુનાહ થાય છે. તમે જેટલાં વરસ તેને ઘરે બેસાડી રાખો છો તેટલાં વરસમાં તેને ૨-૩ ઓલાદ થાય. આ પ્રમાણે ઓલાદ થતાં અટકે છે તેના તમને ગુનાહ થાય છે. તે બાઇનો ધણી જુવાન હોય તેની બદનજર થાય, તે ગુનાહ પણ તમારી પર થાય છે. છોકરીની ઉમર સોળ સતર વરસ વાસતો હદ થઈ તેથી એક દીવસ પણ વધારે ઘરમાં રાખી મુકશો તો અઝીમ ગુનાહ થશે. દીકરીયો તમારા હાથમાં ગુનેહગાર માફક કેદી નથી, કે તમે તેઓ

ની પાસે મજુરી કરાવો છો. ફાયદાની વાત આ છે કે દીકરીયો સાસરે જાય, તેની ઓલાદ વધે અને તે ઓલાદ મુમન થાય." આવી રીતે ચાલો તો.તમોને બરકત થાય.

(સીધપુર તા૦ ૧૬–૧૦–૧૯૦૩)

*   *   *   *

જ્યારે તમારી દીકરીને જ્યાં દેવા ધારો તો ઘર તપાસવાની તમારી ફરજ છે. તમારી દીકરીનું સગપણ કરો ત્યારે તમારા સામુ માણસ ઇમાની છે કે કેમ? કોઇની દીકરી લેતી વેળા પણ તેનું ઘર તપાસવું. હમેશા ઘર તપાસવા પછીજ દીકરી લેવી તથા દેવી.

(મંજેવડી તા૦ ૫–૧૧–૧૯૦૩)

*   *   *   *

અમારાં સાંભળવામાં આવેલ છે કે તમારે ત્યાં ઘણી મોટી ઉમ્મરની છોકરીયો કુંવારી બેઠેલી છે. એ ઘણું ખરાબ કામ છે. તેઓની શાદી ઉકલાવી આપશો તો તેઓને ઓલાદ થશે, જેમાં મુમન પણ પેદા થશે. એક ઝાડને મેવો ન આવે તો તે ઝાડથી શું ફાયદો મળે? માટે તુરત તેઓની શાદી કરી આપો.

(ગુઆખર તા૦ ૩-૪-૧૯૦૫.)

*　　*　　*　　*

દીકરીનો મરદ ગુજરી જાય, પછી માવતર દીકરીને ઘરમાં બેસાડી રાખે છે અને તેને બીજો ધણી કરાવી આપતાં નથી તે અઝીમ ગુનાહ કરે છે. દીકરીને ઘેર

બેસાડી રાખવાથી પહેલાં તો ઓલાદ નહિ થાય તેના અઝીમ ગુનાહ છે તમે તેમને પરણાવી દેશો, નીકાહ કરાવી આપશો, તો તેમનામાંથી ઓલાદ ઉત્પન્ન થશે, તેમાં ઇમાનદાર મોમન થશે, એ સવાબ માવિત રને મળશે જે બાઇનો મરદ ગુજરી જાય અને તે બાઇ જુવાન હોય તેને જ્યારે માવતર ઘરમાં બેસાડી રાખે છે ત્યારે ખ્યાલ કરો કે કેટલા માણસને મારી નાંખવાના ગુનાહ તેવાં માવતરોને લાગુ પડે છે? આમ કરીને તમે તેની ઓલાદ બંધ કરો છો. જે બાઇનો ધણી દુનીયામાંથી ગુજરી જાય, તે બાઇને તુરત બીજો મરદ કરાવી આપો. જે મરદની ઓરત ગુજરી જાય, તે

પણ તુરત બીજી ઓરત કરે, જેમાંથી નારી ઓલાદ ઉત્પન્ન થાય અને બદકામ થતાં અટકે. જે બાઇનો ધણી ગુજરી ગયો હોય, તે બાઇને તેનાં માવતર ઘરમાં બેસાડી રાખે તો પછી તે છોકરીથી જે કાંઇ ગુનાહ બની જશે તે ગુનાહ માવતર ઉપર છે કારણ કે તેઓએ તેને ઘરમાં બેસાડી રાખી તેથી એ પરિણામ આવ્યું તમે એવા ખ્યાલ નહિ રાખો કે દીકરી ફક્ત પઇસાદારનેજ આપવી. તમે પઇસાદાર જોઇને આપો, તો પણ પાછળથી તે ગરીબ થાય, ત્યારે શું કરો? માણસ, તંદુરસ્ત, ઇમાનદાર, પેટનું ગુજરાન ચલાવવાને શકિતવાંન, નેક ખસલતનો, હોવો જોઇએ. આવા માણ-

સને દીકરી આપશો, તો તમારા હકમાં અઝીમ ફાયદો છે. ગરીબ હોય તો શું થયું? તમે પઇસાદારે શોધવા રોકાશો, તો દસ વરસ બીજાં નીકળી જશે. તમે વિચાર કરો, દસ વરસમાં ચાર ઓલાદનો વધારો થાય, આ તમારા હકનાં કેટલી બધી નુકશાની થશે! છોકરી સાસરીયાને ઘેરથી ગીસાઇને માવતરને ઘેર આવે, તો દીકરીને, ઘેર બેસાડી રાખવી, માવતરને લાજમ નથી, તેઓની ફરજ છે કે દીકરીને સમજાવીને, તેને ઘેર તરત રવાના કરી આપે. તેમને પોતાને ઘેર બેસાડી રાખવાંમાં અઝીમ ગુનાહ છે. જયારે કીઆમતે દીવસ થશે, ત્યારે; જે રાખશે પોતાની દીકરી; અથવા બેનને, ઘેર બેસાડી

રાખી હશે, તેનું પુછાણું તેના માવતર તથા બાઈ પાસેથી લેવામાં આવશે. ઓરતનો મરદ ગુજરી ગયા પછી, બીજો ધણી ન કરવો, એ હિંદુની રસમ છે. તમે ઇસમાઇલી દીનવાળાઓ છો, હાલ જમાનામાં તો હિંદુઓ પણ તેમ કરતા નથી. ત્યારે, તમે ઇસમાઇલીઓ એવી રસમ શા માટે પકડી રાખો છો ?

(જંગબાર તા૦—૨—૩—૦૫)

* * * *

તમે છોકરીને નાનપણમાં ૨—૩—૪ વરસની હોય ત્યારે પરણાવો છો ને પછી ૧૮ થી ૨૦—૨૨ વરસની થાય ત્યાં સુધી તેઓને માવતરે રાખો છો, તે વાતથી હું નારાજ છું

ને કોઇની ઓરત મરી જાય છે તો તેનાંથી જલદી બીજી ઓરત થતી નથી તેમ તેને મળતી પણ નથી, તે પણ સારૂં નથી તેમ જ છોકરીયોને માવતર ઘરે રાખે ને સાસરે નહી મોકલે, તેમજ છોકરીયો માવતરને ઘેર રહે ને મરદને ઘેર નહિ જાય તેથી તેની ઓલાદ પણ થતી અટકે છે અને તે મોમન થાય તે મોમન થતા અટકે છે તેથી તેમા ઘણાજ ગુનાહ છે, છોકરીઓ ૧૬ થી ૧૮ વરસની થઇ પછી માબાપે પોતાને ઘરે રાખવી એ ઘણુંજ ગુનાહનું કામછે.

(સીખપુર તા૰ ૧૪-૧-૧૯૧૩)

## (૭) માબાપોની બાળકો તરફ ફરજ.

તમારી ઓલાદને દીન પર ચલાવો. તેમને ખરાબ સગત કરવા નહીં આપો, ખરાબ સોબત ખરાબ દીનમાં લઇ જશે. એમ નહીં થવા આપો.

(જંગબાર તા૦—૧૩—૯—૯૪)

* * * *

તમારાં છોકરાંઓને બેઇમાની માણસો પાસે બેસાડશો, તો ઇમાનની નુકશાની થશે. તેમને નકામા નવરા બેસાડી રાખશો, તો દુનીયાના ખીયાલ તેમના દીલમાં ઉતપન્ન થશે,

(બાગામોયા તા૦—૨૧—૯—૯૯)

* * * *

માબાપોને ખાસ કરીને વાજબ છે કે, બચાંઓને પ્રથમ કાંગવા ભરાવવાને મુરીદ કરવા અને, ત્યાર બાદ તેમનાં નામ પડાવવાં, જે લોકોએ મારા કાંગવા ભરયા નથી, તે લોકોએ મારો દીન કબુલ કરવાની મઠી કરી નથી.

(ક્મ્છ નાગલપુર તા૦—૨૬—૧ —૦૩)

* * * *

તમારાં બચાંને હમેશાં તમારા ઈસમાઈલી દીનના કાયદા કાનુન યાદ કરાવજો.

(જંગબાર તા૦ ૨૨—૮—૦૫)

* * * *

તમોને વાજબ છે કે, તમે તમારાં બચ્ચાં

ને જરૂર ઇલમ જ્ઞાન શીખવા માટે સ્કુલ-માં મોકલજો.

(જાંગબાર તા૦ ૨૯-૮-૦૫)

## (૮) પુરૂષોની ફરજ.

મરદ પારકી સ્ત્રીઓને મા બેન સમજે. પારકી સ્ત્રી ઉપર ખરાબ નજરથી નહિ જુએ. એમ સમજજો કે તેઓ તમારી મા, બેહે-નો, તથા દીકરીઓ છે તમે તેમના દીન ભાઇઓ છો, માટે, તેઓ શરમ કરતી નથી. તમે તેમને બેહેનો કરીને સમજો. આ વાત તમારી જાત બેહેનો માટે થઇ, પણ, કાળી ગોરીઓ વગેરે બીજી કોઇ પણ

ઓરત હોય, તે ઉપર પણ ખરાબ ખ્યાલ નહી રાખો.

(દારસ સલામ તા૦ ૨૭–૯–૯૯.)

દીનની બેહેનો સામે બદનજર કરવી, તે પોતાની સગી બેહેનો સામે બદનજર કરવા બરાબર છે.

(સીધપુર તા૦ ૧૬–૧૦–૦૩.)

* * * *

તમારા ઘરની સ્ત્રી સાથે મોહબતથી ચાલજો તેઓ સાથે કજીયા ફીસાદ નહીં કરતા. તમારી ઓરતને કયારે પણ મારતા નહીં. વગર કારણે બે ઓરતો કરશો નહીં. ખુદા ન ખાસ્તાહ, તમારી ઓલાદ ન હોય. અથવા તમારી ઓરત બીમાર હોય, એવા

કારણ વગર, ફક્ત શોકને વાસ્તે બે સ્ત્રી કરશો. .હી. અગર કરવી પડે, તો પણ, જેમ તમારી બંને આંખો સરખી છે, તેજ માફક; બંને ઓરતને સરખી રાખજો. કોઇને વધારે ઓછું ચાહતા નહિ. બંનેને બરાબર સરખી રીતે રાખજો. બંને ઉપર સરખી મોહબત રાખજો

(જંગબાર તા૦ ૨૪–૮–૧૯૦૫.)

*  *  *  *

મરદોને પણ ફરજ છે કે પોતાની ઓરત તથા બચ્ચાંને હમેશા સંભાળે. પોતાનાં બચ્ચાં તથા સ્ત્રીને દુઃખ આપવું એ શેતાનનું કામ છે.

(જંગબાર તા૦ ૧૪–૯–૧૯૦૫)

# (૯) સ્ત્રીની ફરજ.

જે બાઇઓ પોતાના ધણીના હક રાખશે તેમનીજ ઇબાદત કબુલ થશે, પોતાનો ધણી બહાર જવાની રજા આપે તો જવું, રજા ન આપે તો ન જવું. ધણીના હક રાખ્યા ઉપરાંત મા બાપ તથા સાસરીયાંના હક રાખવા...બાઇયો-એ પોતાનાં મા બાપને ઘેર જવું હોય ત્યારે પણ ધણીની રજા લઇને જવું, ધણી ના પાડે તો જવું નહિ. જમાઅત-ખાને જવું તેમાં પણ ધણીની રજા લેવી રોજ રજા ન આપે તો ૪ દિવસે આપે, વળી ૪ દિવસે રજા ન આપે તો ૮ દિવસે.

આપે, ૮ દિવસે ન આપે તો ૧૫ દિવસે આપે, ૧૫ દિવસે ન આપે તો મહિને દિવસે જરૂર રજા આપશે. રજા વગર જવું નહિ. રજા વગર જવામાં સારૂ નથી.

(જંગબાર તા૦ ૨૯-૭-૧૮૯૯.)

* * * *

જો બાઇયો બદનજર રાખે, કોઇની ગીબત કરે, તો તેમની બંદગી કામ નહિ આવશે. બાઇયોને ફરજ છે કે પોતાનો જુસ્સો પાક રાખે પોતાના મરદ સિવાય બધાને પોતાના ભાઇ સમાન સમજે...... બાઇયોને ફરજ છે કે પોતાના મરદનાં ફરમાન ઉપર ચાલે. બાઇયોને ફરજ છે કે

શેતાનને પોતાથી દુર રાખે. શેતાન બહા-
રથી આવતો નથી, દિલમાં શેતાન છે, તે
બાઇયોની સુરતમાં બાઇયો પાસે આવે છે.
બાઇયોને પુછવામાં આવશે કે, તમે તમા-
રા મરદની ફરમાન બરદારી કરી હતી કે
નહિ ? તમે બદનજર કરી હતી કે નહિ ?
જો આ બાબદોમાં કસુર હશે તો તેઓને
જહનમની આગમાં બાળવામાં આવશે.
ઘણી બાઇયો પોતાનાં મ્હોં ઉપર બુરકા
નાંખે છે તે હાદ્દર છે, પણ ખટારત છે કે
પોતાના દિલની લગામ ઘણી મજબુતાઇ-
થી હાથમાં રાખે. બાઇયો પોતાના દીન-
બાઇઓને દુનીયામાં નહિ જુએ, તો
આખતરમાં તેમને કેમ ઓળખશે ! આર-

કાનું ફરમાન કોઈ ઇમામે અથવા પેગંબરે કીધું નથી. દુનીયામાં માણસ સાથે બે મલાએક રહે છે તેઓ તેમના દરેક આમાલ લખે છે. જયારે ઇનસાન ત્યાં એકઠા થશે ત્યારે તેમના સઘળા આમાલ ચંચરામાં આવશે. કેવા આમાલ કીધા હતા તેની પુછા કરવામાં આવશે. બાઈ માણસ જાહેરમાં મોમન હશે અને બાતુ-નમાં કાફર હશે તેને સવે પુછવામાં આ-વવશે.

(જંગબાર તા૦ ૨૦-૮-૧૮૯૯)

*　*　*　*

બાઇઓ પરાયા મરદને પોતાના ભાઈ બાપ કરીને જાણો...ખરાબ રૂપાળી બાયડી

કરતાં ૬૩૫ સારી બાઇડી ઘણી ઉત્તમ છે.

(ભાગાંમોયા તા૦ ૨૧–૮–૧૮૯૯).

*   *   *   *

જે બાઇનાં કર્તવ્ય સારાં ન હોય અને રૂપાળી હોય તે બાઇ સારી છે એમ નથી. પરંતુ સારી બાઇ તે છે કે જેનાં કામ સારાં હોય, તેનાં કામ મોમન જેવાં સારાં હોય. જે સ્ત્રી બીજા ઉપર ખોટા ખ્યાલ તથા ખરાબ વિચાર રાખેછે તે કુત્રી કરતાં વધારે ખરાબ છે.

(દારસસલામ તા૦ ૨૮–૯–૧૮૯૯.)

*   *   *   *

બાઇયોએ પોતાના ધણીની ખીજમત

દિલોજાનથી કરવી જોઇએ.

(જંગબાર તા૦ ૧૪-૮-૧૯૦૫.)

*　*　*　*

મરદ ઓરતનો શેહનશાહ છે માટે મરદની ખીઝમત કરવાની ફરજ ઓરત ઉપર છે. ઓરત પોતાના મરદને વધ ઘટ બોલે અને ગાળો બાંડે તે ઘણું ખરાબ છે ધણી કદાપી બેઇમાન પણ હોય તોપણ જાહેરીમાં તેની ચાકરી કરવી, પણ ધર્મ સંબંધી તેના મત સાથે મળતાં થવું નહી.

(જંગબાર તા૦ ૨૬-૮-૧૯૦૫)

*　*　*　*

બાઇયો જાહેરીમા બુરકા પહેરે છે, તે

સારૂં નથી, પણ તમારાં દીલની આંખો ઉપર શરમનો બુરકો નાંખો એટલે તમારાં દિલ કદીપણ બદખ્યાલ કરે નહી.

(જંગબાર તા૦ ૨૯-૮-૧૯૦૫)

* * * *

બાઈયોને ફરમાન ફરમાવું છું કે તમે જે કપડાં પહેરોછો તેથી અંગ અને પેટ દેખાય છે તે ઠીક નથી, માટે તમારૂં અંગ નહિ દેખાય તેના સારૂં બદન પહેરવું યા કબજો પહેરવો.

(વીરપુર તા૦ ૨૯-૧-૧૯૧૩)

## (૧૦) બચ્ચાંની ફરજ.

છોકરાંઓને ફરજ છે કે તેઓ પોતાના પીતાના દીનથી બરાબર ખબરદાર થાય તે એવી રીતે કે આપણો અસલ દીન ઇસમાઈલી છે અને જેવો આપણામાંથી ફરીને નીકળી ગયા છે તેઓનો દીન ઇસ્નાઅશરી છે. આ બાબત પહેલે જાણુવાની જરૂર છે.

(જંગબાર તા૦ ૧૩–૭–૧૮૯૯)

*　　*　　*　　*

બચ્ચાંઓને વાજીબ છે કે પોતાના

## પીતાના ઇસમાઇલી દીન ઉપર ચાલવું.

(તા૦ ૨૨-૯-૧૮૯૯)

* * * *

તમે બચ્ચાંઓ હમેશા જમાઅતખાનામાં આવજો અને દીનના એલમ તથા ગ્નાન ગોઠ હમેશા શીખજો. દુનીઆમાં કામ પણ સારાં કરજો ઇસમાઇલી દીન ઉપર બરાબર ચાલજો. જો આવી રીતે વર્તશો, તો દુનીઆમા પણ પઇસાદાર થશો, અને આખરતમાં પણ ધનવંતા થશો. આ દુનીયા તથા પેલી દુનીયાં બંનેમાં તાજા રહેશો. તમે જયારે ઇલમ ગ્નાન શીખવા જાઓ. ત્યારે, તમારાં દીલ મજબુત અને મશગુલ

રાખજો. દીનની સ્કુલ ખોલવામાં આવી છે. તેમાં જજો અને હીમત રાખી ઇલમ શીખજો. વરસમાં બે ત્રણ વખત કાળજી રાખીને હું સ્કુલની પુછા કરૂં છું, અને ઘણી કાળજી ધરાવું છું.

(જંગબાર તા૦ ૨૯–૮–૦૫.)

* * * *

બચ્ચાંઓને વાજબ છે, કે દુનીયામાં નેક કામ કરે, એવા નીચ કામ ન કરે, કે તેમના કામથી મને દીલગીરી થાય તથા શરમને લીધે મારે નીચું માથું કરવું પડે.

(જંગબાર તા૦ ૫–૯–૧૯૦૫)

* * * *

બાપનો હક ઘણો છે. દીકરાએ હમેશા બાપની સલાહમાં રહેવું જોઇએ ને એના હુકમમાં ચાલવું જોઇએ. બાપથી નહિ બોલે તો તેને માટે આ દુનીયામાં પણ સારૂં નથી. અગર બાપ કદી ગુસ્સો કરે કે બે બોલ બોલે તો સહન કરવું જોઇએ અને બાપના સામે નહિ થવું જોઇએ.

(કાંડી મહોલા મુંબઇ તા૦ ૧૮-૨-૧૩)

## (૧૧) અમલદારીઓને.

જમાઅતનાં મોટા અમલદારીઓ ગોવાળ મીસાલ છે. તેઓને જમાઅતનાં

ઘણાં કામ કરવાના હોય છે.

(જંગબાર તા૦ ૧૩-૭-૧૮૯૯.)

*     *     *     *

અમારા મુરીદો માટે સિંધ, કરાંચી, કાઠીયાવાડ દરેક ઠેકાણે ગરીબો માટે ફંડ રાખેલા છે, તેમાંથી તમારામાંના ગરીબોને મળે, ગરીબ તે નંહિ કે જે ભીક્ષાવૃતી કરતો હોય. પરંતુ તે ફંડમાંથી તેઓને મળે, જેઓ બાઇયો સુધી ડોસીઓ હોય, જેઓના મરદ ગુજરી ગયા હોય, વળી તેઓ લાચાર હોય. કોઇ મરદ માણુસ ઘણોજ બુઢો હોય, લાચાર હોય અને પોતાનું ગુજ-

સાન કરી શકતો ન હોય તેને મળ.

(જંગબાર તા૦ ૧૪-૯-૧૮૯૯)

*    *    *    ○

નાનાં બચ્ચાંને આપણા દીનનો રસ્તો જરૂડ શીખવજો.

(બાગોમોયા તા૦ ૨૨-૯-૧૮૯૯.)

*    *    *    *

તમે જમાઅતખાનામાં વખતસર જજો, તેમજ તમારા ફરજંદો, સગાં વ્હાલાં, દોસ્ત બીરાદરોને નસીહત આપી, તેમને પણ હમેશા જમાઅતખાનામાં તેડી જજો. મોટા અમલદારીઓ ઉપર આ સઘળા

હક છે. જેમ ઘરને ટેકા માટે મજબુત થાંભલા હોયછે તેમના ઉપર બંગલો બાંધવામાં આવે તો તે મજબુત રહે છે, તેમ અમલદારીઓ પણ દીનના થાંભલા છે. જેમ એક મજબુત થાંભલો આખાં ઘરને ટકાવી રાખે છે, તેમ અમલદારીઓએ જમાઅતને ટકાવી રાખવી જોઇએ.

(ફરમાન મુંદ્રા તા૦ ૨૧-૧૧-૧૯૦૩.)

*　　*　　*　　*

અમલદારીઓ ફકત નામનાજ સાલા લેવા માટે નથી. અમલદારીઓ થયા તે આ સતપંથ ધર્મના થાંભલા થયા. જેમ એક બાદશાહના વઝીર હોય, તેમ અમલદા-

રો ઘરમનાં કામ ચલાવનારા મદદગાર વઝી-
રો થયા, એક ઘર અથવા તંબુને ટકાવી
રાખનાર થાંભલો જો નબળો હોય તો તે
ઘર અથવા તંબુ તુરત પડી જાય છે. અમ-
લદારીઓને લાજમ છે કે તેઓએ ધર્મનાં
કામમાં સુસ્ત ન થવું. હિંમતવાળા થઇને
મજબુત રહેવું, વિચાર કરો કે તમે કોના
તરફથી અમલદારી તરીકે નીમાયેલા છો ?
તમે મારા એલચી વકીલ છો. તમે મારી
તથા મારી જમાઅતની બરાબર ખીદમત
કરો. એવો વખત નહિ આવે કે તમે અમ-
લદારી થઇને સતપંથ વગરના બેદીન લોકોની
દોસ્તી અખત્યાર કરે. અંગરેજ, પારસી,
સુન્ની હિંદુ વિગેરે જુદા જુદા દીન પાળ-

નારા લોકો જોડે હું ઓળખાણ રાખું છું, પણ તેઓ સાથે ધર્મની દોસ્તી હું રાખતો નથી, લોકો સાથે દુનીઆની દોસ્તી રાખું છું, ઇનસાન તરીકે દોસ્તી રાખું છું, તેમ ને ઘેર જાઉં છું, તેમની દુકાને જાઉંછું... આવી રીતે અમલદારીઓને પણ વાજબ છે કે, પોતાના મઝહબમાં મજબુત રહેવું. કોઇને ઘેર અથવા દુકાને જવું પડે તો હરકત નહિ, પણ સતપંથ સિવાય, બીજો ધમ પાળવાને જે મકાન બનાવવામાં આવ્યું હોય ત્યાં અમલદારી થઇને જવું ઘણું ખરાબ છે.

(કચ્છ મુંદ્રા તા૦ ૨૨-૧૧-૧૯૦૩)

* * * *

તેમને ઘેર માણુસ મોકલો અથવા તો મુખી તથા કામડીયા તેમને ઘેર જઇને પણ જમાઅતખાનામાં આવવા તેને સમજાવો.

(કચ્છ નાગલપુર તા૦ ૨૮-૧૧-૧૯૦૩)

* * * *

અમલદારીયોની ફરજ છે કે મુશ્કેલી આવી પડે તોપણ તેવે વખતે ઉભા રહેવું. આપણા માથા ઉપર છાપરૂં છે તેમ અમલદારીઓએ મુશ્કેલી વખતે ઉભા રેહેવું. નાસી જવુ નહિ.

(કચ્છ કેરા તા૦ ૨-૧૨-૧૯૦૩)

* * * *

ઇનસાફ આપનારાઓએ કોઈની પક્ષપાત કરવી નહિ, મત મેળવીને કેસનો ફેંસલો તુરત કરવો, અમલદારીઓએ ૭ દીવસમાં ૧ દીવસ ઇન્સાફ કરવા બેસવું... અમલદારીઓએ કોઇના કેસને લાંબા રખડાવવા નહી. વધારે સંખ્યાના મત પ્રમાણે ફેંસલો આપવો. પ્રાઇવેટ બાબતો સિવાય બીજા બધા કેસના ઇન્સાફ નાના મોટા સર્વે સાંભળી શકે. સર્વેને આવવાની છુટ આપવી.

(જંગબાર તા૦ ૨૬–૮–૧૯૦૫)

* * * *

કાઉનસીલના મેમ્બરો જો સાફ એકી

નથી કાયદા અમલમાં લાવશે, જો નિઃપક્ષ-પાતથી ઇનસાફ આપશે, તો હું તેઓને શીરસ્તા જેવા ગણીશ અને ઘણો ખુશી થઈશ. અગાઉના જમાનામાં ઇરાનમાં, નાસરખુશરૂ, હસન બીન સબ્બાહ, **પીર સદ્દરદીન** વગેરે જે દીનના મોટા સિંહ થઇ ગયા છે તેવા હું તેઓને સમજીશ.

(જંગબાર તા૦ ૧૪-૯-૧૯૦૫.)

* * * *

જમાઅતના મુખી કામડીયાં હોય તેમણે જમાઅતને બરાબર સંભાળવી.

(નયરોબી તા૦ ૪-૧૦-૧૯૦૫)

* * * *

ચાલુ થએલી સ્કુલ ફરીથી તુટી જવી નહિ જોઇએ એવી અમલદારીઓને ભલામણ છે.

(નઇરોબી તા૦ ૩૦—૧૦—૧૯૦૫.)

*　　*　　*　　*

કાઉન્સીલના જે મેમ્બરો છે, તેઓ મીસાલે સરદાર તરીકે છે. જો જંગમાંથી સરદાર નાસી જાય તો પછી લશ્કરથી શું બને? માટે કાઉનસીલના મેમ્બરોએ ખ્યાલ કરવાની જરૂર છે. તેઓએ ટાઇમસર કાઉનસીલની બેઠકમાં હાજરી આપવી જોઇએ.

(નઇરોબી તા૦ ૨—૧૧—૧૯૦૫.)

*　　*　　*　　*

અગર કોઇ માણુસ સરકારી ગુનાહ કરે તે જો તેના ઉપર સાબીત થાય તો ગુનેહગારી લઇને રહેમ દિલીથી તેને બક્ષી આપજો. ગુનેહગારી પણ તેને સંતાપીને લેવી નહિ અગર ગુનાહ મોટો હોય અને સજા કર્યાં વગર છુટકો નથી એમ જણાય તો સજા કરવી અથવા ગુનેહગારી લઈ તેને મુકત કરવો.

(નહરોમાં તા૦ ૪-૧૧-૦૫)

*　　*　　*　　*

અગર તમોને કોઇ કહે કે આ કામ મહેરબાની કરીને કરી આપો તો તમારે તેને કહેવું કે કાયદા મહેરબાનીનું કામ

નથી, ઇનસાફની વાત છે. ઇનસાફ મુજબ હુકમ કરો, સરકારી કામકાજમાં સરકારને પોતાને નુકશાની થતી હોય તોપણ તે પોતાના કાયદા તોડતી નથી. તમોને પણ વાજબ છે કે સરકારને નુકશાની ખમવી જોઇએ તોપણ કાયદો તોડવો નહિ.

(મું'બા:સા તા૦ ૧૧-૧૧-૦૫)

* * * *

મુખી, કામડીયા તથા અમલદારીઓ સ્કુલનાં કામની ખબર રાખે અને તપાસ કરતા રહે તથા પરિક્ષા લે...જમાઅત નાના ભાઈ છે કાઉનસીલ જે મોટા ભાઈ છે તેમને નાના ભાઇઓ એટલે જમાઅત સોંપી જાઉં છું.

(મુંબાસા તા૦ ૧૨-૮-૦૫)

* . * * *

બધી કાઉનસીલને એવો હુકમ થયો છે કે જમાઅતને બચ્ચાંની માફક સંભાળે ખાલી કાઉનસીલને ઇનસાફ કરવો તેટલુંજ નહી પણ કોઇને પણ કાંઇ દુઃખ નહિ થાય તેમજ બધી બાબદને બધી ચીજમાં મદદ કરે, દુનીયાનાં કામમાં પણ રસ્તે ચડાવે ને બીજી કાંઇપણ બાબદ હોય તો મદદ કરે ને કોઇ ઠેકાણે કાંઇ વાંધો ઉઠે તો મીસનરી-ને તેડાવી ત્યાં મોકલાવી તેને સમજાવી સમાધાન કરે.

(વીરપુર તા૦ ૨૮-૧-૧૩)

* * * *

તમારે માટે કાઉનસીલ પણ બનાવી છે તેમાં અમલદારીઓ જમાઅતને બરાબર નહિ સંભાળે અને બરાબર હક ઇનસાફ નહિ આપશે તો આ દુનીયામાં અને ઓલી દુનીયામાં કાળું મોઢું થશે.

(વીરપુર તા૦ ૨૮-૧-૧૩)



# અમુલ્ય મોતીની માળા

યાને

હાજર ઇમામના કિમતી બોધનો ઝરો.

# ભાગ ૨ જો.

## (૧૨) ધારમિક ફરજ.

( દુઆ-બંદગી )

તમે જમાતખાનમાં આવીને બંદગી કરો, ઉભા પડો નમાજમાં તથા દુઆમાં કાંઇપણુ ફરક નથી. * *

નમાજ રોજા વીગેરે જાહેરી ધરમ પાળો

અને આવુની ધરમ જે ખાસ પાળવાની જરૂર છે તે ન પાળો તો નમાજ રોજા વીગેરે શું કામ આવે.

(જંગબાર તા૦ ૫–૭–૧૮૯૯)

*　　*　　*　　*

હમેશાં જમાતખાનામાં આવજો. જમાતખાનું છોડતા નહિ.

(જંગબાર તા૦ ૬–૭–૧૮૯૯)

*　　*　　*　　*

તમો નીયાજ આબેસફા પીયો છો તેમાં માટી અને પાણીથી કાંઇ તમારૂં દીલ સાફ થતું નથી. પરંતુ જે એતેકાદ ઇમાન અને સચ્ચાઇથી તમે આબેસફા પીયો છો તેનાથી દીલ સાફ થાય

છે. જો દીલમાં સચ્ચાઇ નહોય તો ખાલી માટી અને પાણીનું નીયંજ પીવાથી કાંઇ ફાયદો નથી. પહેલાં ઇમાન તથા દીલ સાફ થાય તોજ ફાયદો પોંચે. જે મારા સ્વરૂપને ઓળખતો નથી. તેને માટી અને પાણી પીવાથી કાંઇ પણ ફાયદો થતો નથી. * * *

બહીતુલ ખ્યાલવાળાની બંદગી મ-ખરી એટલે બાતુન છે અને એકાંતનીછે.

(જંગબાર તા૦ ૯-૭-૧૮૯૯)

* * * *

મગરબ વખતે ધુઆ પડવામાં તમો ને કાંઇ અડચણ નથી. દુનીયાનો ધંધો કરવાનો એ વખત નથી, મગરબ વખતે

બે સારી નરસી વાતો કરો તેના કરતા જમાતખાનામાં આવી ધુઆ પડો, તેમાં ઘણું સારૂં છે * * *

મોમનને લાજમ તથા વાજબ છે કે મગરબ વખતે હમેશાં ધુવા પડવા હાજર થાય.

(જંગબાર તા૦ ૧૧-૯-૧૮૯૯)

* * * *

ધુવા પડો તેમાં દીલ સ્થીર ગખો-તો સારૂં. ધુવા પડવા બેસો અને દીલમાં કુડા ખ્યાલ રાખો તો શુ ફાયદો થાય?

(જંગબાર તા૦ ૧૩-૯-૧૮૯૯)

* * * *

મગરબ વખતે એકથી અરધો કલાક વખત ટાણે જમાતખાને જજો. તમ-રામાથી ઘણાં જણ એમ સમજતા હશે કે અમારૂ ઇમાન સાબીત છે ત્યારે જ-માતખાને શા માટે જઇએ. એમ કરવું નહી. * * *

તમે હમેસા સુવા વખતે ખાનામા આવજો...હમેસાં જમાતખાનામાં સાંજ સવાર બરાબર આવજો.

(જંગબાર તા૦ ૧૬-૯-૧૮૯૯)

* * * *

તમે હમેસાં જમાતખાનામાં આ-વીને સુવા પડો અને ઇબાદત કરો. હ-મેસાં જમાતખાનામાં આવો. એનું ન

થાય કે થોડા ધુવા પડવા આવે. અને થોડા ન આવે. આખો દીવસ દુનીયાના વેપાર ધંધાનો વખત છે પણ મગરબ ટાણે એક કલાક બંદગી કરવા ન આવવું એ જુલમ છે. એતો પોતા ઉપર જુલમ કરવાનું છે. મગરબની ધુવા પડવા નથી આવંતા તેઓ પોતા ઉપર જુલમ કરે છે. જમાતખાનું ધુવા પડવા માટે છે. * * *

તમે જમાતના મોટા છો. તેઓ મગરબ વખતે જમાતખાને ધુવા પડવા ન આવો તો બીજા કોણ આવે ? તમે બીજાને શું કહી શકો? તમે પોતે નથી આવતા તેની તમને શરમ આવતી નથી?

(ધારસભાભ તા૦ ૨૭–૯–૧૮૯૫.

*   *   *   *

તમે મોટા કામવાલાઓ ધુવા વખતે જમાતખાનામાં નથી આવતા તે વખતે બજારમાં ફર્યા કરો છો, તેનું કારણ શું છે? અમોને જવાબ આપો તમોને કીયા મુરશીદે ફરમાવ્યું છે કે જમાતખાનામાં ધુવા પડવા નહિ જાવ. તમે અમારી પાસે ખુલાસો કરો ધુવા વખતે વખત ધુવા છોડી આપોછો અને રખડતા ફરોછો તે સેતાનનું કામ છે. તમે આ કામ ઘણુંજ ખરાબ કરો છો...જો તમારો વિચાર બહાર હરવા ફરવાનો હોય તો આજથી અમે તમારા પરથી

અમારો હાથ ઊપાડી લઇએ. તમો ગમે ત્યાં જાવ.

હેદ્રાબાદ તા૦ ૨-૩-૧૯૦૦)

*　　*　　*　　*

જે કોઇ ગામ જમાતખાના વગરનું હોય તેમાં જમાતખાનું બનાવો અને ત્યાં ધુવા પડો. ધુવા ઘેર પડવાથી કાંઇ ફાયદો નથી.

(જામનગર તા૦ ૪-૪-૧૯૦૦)

*　　*　　*　　*

તમે જમાતખાનામાં હમેસાં જાવ ગાફલ નહિ થાવ. પૈસા ન હોય તો નહિ આપો પણ ઇબાદત કરો ઇબાદતનો એ જો ગરીબ તથા પૈસાદાર સરવે

ઉપર સરખો છે.

(જામનગર તા૦ ૫-૪-૧૯૦૦)

*  *  *  *

જે માણસને જમાતખાનું બહુ દુર થતું હોય તે કારણથી જમાતખાનામાં આવી ન શકે તો તે માણસ પોતાને ઘેર ધુવા પડે. પણ હમેશાં ધુવા પડવાની ફરજ છે અગર ધુવા આવડતી ન હોય તો ૧૨ તસ્બી પીરશાના નામની કહાડે.

(અમદાવાદ તા૦ ૧૩-૧૦-૦૩)

*  *  *  *

ઘણા નાહાન માણસો એવા પીર-જ કરે છે કે બબાહત આરથી બાપામાં

કરીયે પણ હીંદુસ્તાનના રહેવાશી પોતા-
ને અરબી જબાનમાં શું ફાયદો થાય?
અરબી શબ્દોમા અરબી નીમાજ અર-
બ લોકોને માટે સારી છે, જેઓ તેમ-
ની માયના સમજી શકે છે, તેઓને મા-
ટે સારી છે. જે કોઇ અરબ નથી. અ-
ને સમજ્યા વગર બેખુદ નમાજ પડે છે
તે તો કાગડાની મીસાલે કરાં કરાં કરે છે.
જેઓ માયના સમજતા નથી તેમનો
રૂહ તેમાં હોતો નથી તે ફક્ત મોઢાની
બકબકાટ કરે છે. હજરત ઇમામ હુસે-
નના જમાનામાં સીમર પણ નમાજ
પડતો હતો. જેઓ બેઇમાનીથી નમાજ
પડે છે તેઓ સીમર મીસાલે છે.

(વઢવાણુ તા૦ ૧૯-૧૦-૦૩.)

*　　*　　*　　*

જે માણુસ ધ્રુઆ નથી પડતો. અને જમાતખાને નથી જતો તે માણુસનું ઇમાન એવા બંગલા જેતું છે કે જેનો પાયો કાચો હોય અને ઉપર પથ્થરની લાદીઓ જમીન ઉપર હોય. * *

તમે મન સાથે ચોકસ કરો અને આદત પાડો કોઇ પણુ વખતે ધ્રુઆનો ટાઇમ હાથમાંથી જવા દેતા નહિ. ધ્રુઆ ને વખતે ચોકસ કારણુસર. તમે જમાતખાને જઇ શકો, તેમ નહિ બને તો તમારાજ ઘરમાંજ વખત ગુજારો.

(મજેવડી તા૦ ૩૧-૧૦-૧૩)

મોમનને વાજબ છે જે, ધુઆને વખતે જમાતખાનામાં હાજર રહેવું. મજલસમાં જ્ઞાન વાએજ થાય તે સાંભળી યાદ રાખવું.

(કચ્છ મુંદ્રા તા૦ ૧૬-૧૧-૧૯૦૩)

* * * *

ઇનસાનને વાજબછે કે, તેણે હમેશાં થોડી ઘણી બંદગી ઇબાદત ચાલુ રાખવી.

(કચ્છ મુંદ્રા તા૦ ૨૧-૧૧-૧૯૦૩)

* * * *

જ્યાં સુધી તમારાં તનમાં પ્રાણ છે, ત્યાં સુધી તમારી ઇબાદત છોડતા નહિ.

(બોમ્બાબર તા૦ ૩-૪-૧૯૦૫)

જેના અમલ સારાં નથી તેની કામા દત કાંઇ નથી ઇબાદત કરોની એવી કરો કે ફીરસ્તા થાઓ.

(જંગબાર તા૦ ૧૮–૮–૧૯૦૧)

* * * *

નાનપણથીજ ઇબાદતની આદત રાખો ઇબાદત ઉપર હુશીઆર રહેજો. ખુઆનો વખત કયારે પણ નહિ છોડશો, તમે દરીઆમાં હો, ત્યારે પણ ઇબાદતનું કામ નહિ વીસરતા. જીવ જતાં સુધી ખુઆનો વખત નહિ ચુકતા.

(જંગબાર તા૦ ૧૭-૯–૦૫)

* * * *

તમારે મજલસ જાગરણમાં હા-

જર રહેવું જોઈએ. સાંજના દુઆ વખતે તમે ગમે ત્યાં હો તોપણ દુઆ ગુજારી લેવી, ચુકવી નહિ. અગર તમને દુઆ પડતા ન આવડતી હોય તો "પીરશાહ"ના નામની બાર તસબીહ કાઢવી. બાર તસબીહ તથા બાર શુજદા થવાથી દુઆ કબુલ થાય છે. * * *

આ મોટી નસીહત છે કે તમારે બરાબર વખતસર જમાતખાનામાં આવવું અને બંદગી ઈબાદત કરવી તેમજ હીમત પણ રાખવી.

(બકેસર તા૦ ૨૩-૧૧-૧૯૦૩)

## (૧૩) મીશનરીઓ, બદ્દતો તથા વાએજ કાઢનારાઓને.

તમારામાં કેટલાક બદ્દતો છે, તે ગધેડા, માફક છે કારણ કે જેઓ આપણા દીનમાં નથી તેને લાગલાજ જ્ઞાનની બાબતઃ સમજાવવા મંડી જાય છે. તેઓ કબુલ કરતા નથી કારણ કે તેઓને આપણા દીન તથા જ્ઞાન ઉપર ઇતબાર નથી. આવા માણસો જ્ઞાનની વાતો કેમ કબુલ કરે? પણ તેઓને કુરાને શરીફ, હદીસ અથવા જે શાસ્ત્રને તેઓ માનતા હોય, તેમાંથી નસીહતો કરે અને ત્યારબાદ આપણો દીન તેઓના દીન સાથે

મેળવી દેખાડે તો તેમની ભાવના તે માણસો ઉપર અસર કરે.

(જંગબાર તા૦ ૧૮—૭—૧૮૯૯)

* * * *

તમારામાંથી પાંચ કે દશ જણ એવા જોઇએ કે જેમને દુનિયાની કાંઈ જંજાળ ન હોય તેમજ કમાઉ ધંધાની કાંઇ ફીકર ન હોય વળી તેઓની વાયજ ઘણીજ સફાઇદાર હોય જેથી માણસોને અસર કરે.

(જંગબાર તા૦ ૧—૭—૯૯)

* * * *

હિંદુઓની વાતો બોલવામા પડી છો

તે વ્યાજબી નથી જયારે તમે હિંદુ હતા તે વખતે પીર સદરદીને તમોને રસ્તો દેખાડયો. તે વખત વહી ગયો. હવે, મોલાની તારીફ તથા અઉલાદ તજ્ઞનશિન ઇમામોની તારીફ પડો. હાજર ઇમામની તારીફ પડો.

(જંગબાર તા૦ ૨૦–૮–૯૯)

* * * *

તમારામાં કેટલાએક એવા છે કે જે જ્ઞાનની માયના સમજતા નથી. જે ઇનસાનને સમજણ નથી તે જનાવર મિસાલ છે.

(જંગબાર તા૦ ૧૧-૯-૯૯)

* * * *

જેમ ગીનાનની માયના કાઢો છો તેમ મારા ફરમાનની પણ માયના કાઢજો. મારાં ફરમાન એજ ગ્યાન છે.

(દારસલામ તા૦ ૨૦-૯-૯૯)

*　　*　　*　　*

અમારાં રોજનાં ફરમાન છે જે છેલ્લું ફરમાન થાય તે પ્રમાણે ચાલજો. જ્યારે તમારૂં માથુ દુખતું હોય, અને ડાકટરની દવા લેવા જાઓ તો તમને માથાની દવા આપે છે તેથી માથાને આરામ થઇ જાય છે. બાદ ૭ માસ પછી, તમારા પગ દુઃખે તે વખતે, માથાની દવા પગ પર લગાડો તો શું ફાયદો થાય? આવે વખતે ડાકટર પાસે

જશો, ત્યારે પગની દવા હાથને લગાડો તો હાથ કેમ મટે? અગાઉ પીર સદ્દરદીને ફરમાવેલું છે તે સઘળું જ કેમ ચાલે?

(હૈદ્રાબાદ તા૦ ૨૬–૨–૧૯૦૦)

* * * *

ઇલમ તથા હિંમતમાં વાયજ કરનાર એક શખસ હોય છે, તો તેને જોઇને હીમત કરવાથી, હજારો વાયજ કરનારા થઇ પડશે ગીનાન, કુરાન, મશનવી, વગેરેની માયના, સરખાવીને, સમજાવવામા આવે, તો ઘણી સારી અસર થાય, પીર સદર દીને તમારીજ ભાષામાં જ્ઞાન રચવાની મહેનત લીધી, તેનું કારણ એ કે તમે

સમજી શકો, પીર સદરદીને એવા જ્ઞાન સમજાવ્યા છે કે તમે હુશીયાર થઇ જાઓ. પણ તમે સુસ્ત છો અને બીલકુલ હીમત કરતા નથી. * * * *

બરાબર માયના કાઢનાર હોય તો આંધળાને પણ સમજાવી શકે. કુરાને શરીફની માયના એવી રીતે કાઢવી જોઇએ કે જેવી રીતે મશનવી કીતાબની માયના કાઢવામાં આવે છે. કુરાન જ્ઞાન તથા મશનવી સરવેની સરખી માયના ઉતારવી જોઇએ.

(અમદાવાદ તા૦ ૧૩–૧૦–૦૩)

* * * *

પહેલાં પોતે બરાબર સમજવું અને

પછી બાજાને સમજાવવું તો બહુ ફા-
યદો થાય છે.

(અમદાવાદ તા૦ ૧૩-૧૦-૦૩)

## (૧૪) રાજ્ય પ્રત્યે વફાદારી.

તમે જે ગામમાં રહેતા હો, ત્યાંની સરકારથી મીઠાશ રાખતાં રહેવું અને મહોબતથી વર્તવું. ગવરનર અથવા જે-નરલ કોઇ આવે કે જાય ત્યારે તેમને માન આપવા ખાતર સામે લેવા જવું અથવા મુકવા જવું. એમ કરવાથી અ-રસ પરસ મહોબત વધશે.

(જંગબાર તા૦ ૨૨-૮-૦૫)

સરકાર ગવરમેંટ જે હુકમ કરે, તે બજાવજો.

(જંગબાર તા૦ ૪-૯-૦૫)

*　　*　　*　　*

ઇસમાઇલી દીન મઝહબની રીત પ્રમાણે જે રાજ્યમાં તમે રહેતા હો, તે રાજ્યના કાયદા-કાનુન સર અને રાજ્યને તાબે થઇને ચાલવું. અગર તમોને કોઇ જાતની અડચણ હોય, તો રાજ્ય પાસે અરજ કરવી, પણ સરકારની સામે થવું નહિ. વેપાર ધંધામાં મશગુલ રહો. દુકાનો બંધ રાખવામાં જુલમ છે. માણસોને માલની હાજત હોય, તેમને માલ મળે નહિ, તો બીચારા ક્યાં લેવા જાય?

માટે દુકાન બંધ ન રાખવી, તેમાં તમો ને ફાયદો છે. આપણા દીન મઝહબની એ રીત છે કે જે રાજાના મુલકમાં રહેતા હોઇએ, તેની તાબેદારી કરવી વાજબ છે.

(જંગબાર તા૦ ૧૩-૮-૦૫)

---

## (૧૫) નિતીસરનું વર્તન.

જુઠું બોલવું નહિ. ધંધો રોજગાર પણ સત્યતાથી કરજો, કોઇનો હક ડુબીને હરામથી ખાઇ જતા નહિ, સરવે કામો સચ્ચાતાથી કરજો. આ ઇમાનની નીશાની છે.

(જંગબાર તા૦ ૨-૭-૧૯૦૯)

તમે સરવે જમાત સચાઈ ઉપર ચાલજો. પારકો માલ તથા પારકી ઓરતો ઉપર બદનજર નહિ કરતા. હલાલને માલ દસોંદ આપીને ખાજો, જુઠું નહિ બોલતા. ગોલીને ઘરમાં ઓરત દાખલ નહી રાખજો.

(જંગબાર તા૦ ૫-૭-૧૮૯૯)

*   *   *   *

બાતુની ચીજો પાલ્યા પછી નમાજ રોજા, બંદગી કરે તો ફાયદો થાય. બાતુની ચીજો કઇ કઇ છે.

૧. ખોટું ન બોલવું.

૨. પરાઇ ઓરત ઉપર બદનજર ન કરવી.

૩. પરાયા માલમાં તમા ન રાખવી.

૪. માલે વાજબાત ! આપાને હલાલની રોજી ખાવી.

૫. ઓરત એક કરતાં વધારે ન કરવી.

૬. કોઇની નીંદા તથા બદગોઇ ન કરવી.

૭. ગોલી સાથે નીકા ન કરવી.

આ સરવે બાતુની બાબતો છે. તે બરાબર પાળનારનીજ ઇબાદત કબુલ થશે.

(જંગબાર તા૦ ૫–૭–૧૮૯૯)

## (૧૬) મોમનના લક્ષણ.

હકીકતી મોમન સરવે ઠેકાણે ખુદાને જુવે છે.

(જંગબાર તા૦ ૨—૯—૧૮૯૯)

*　　　*　　　*　　　*

અમારા ફરમાન ઉપર અમલ કરનારથી ગુના થવાના નથી. તેઓ ગુનાથી દુર બાગસે. જેમ [illegible] દરદથી નાશી જાય છે તેમ મોમન ગુનાહોથી દુર નાશી જશે. મોમનને ગુનાહથી દુર બાગવું જોઇએ. જેમ માણુસો બીમારીથી દુર નહાશે છે તેમ મોમન ગુનાહથી દુર નાશી જશે.

(જંગબાર તા૦ ૯-૯-૧૮૯૯)

*    *    *    *

જે ઈનસાન મોમન છે તેના સરવે કામો સાફ હોવા જોઇએ. મોમનના બાતુની ખીયાલ તથા વીચારો સરવે સાફ જોઇએ.    *    *    *

સારાં માણુસનાં કામ સારાં તથા પાક જોઇએ, કાંઇપણ એબ ન જોઇએ કોઈ માણુસનું માથું મ્હોડું ને હાથ નાના હોય, તે કેવો ખરાબ લાગે છે. આ એક મીસાલ છે.

(જંગબાર તા૦ ૧૩-૬-૧૮૯૮)

*    *    *    *

મુમનના મોઢામાંથી લાનત અથવા ખરાબ શબ્દો નીકલવા ન જોઇએ. મુમનનું મોઢુ બાગ મીશાલ છે. ફુલોમાંથી સુવાસ નીકળે છે

(ધારસલામ તા૦ ૨૮-૯-૧૮૯૯)

* * * *

આતશના ગુરંજથી ડરીને ધાસ્તાને લીધે ઇબાદત બંદગી કરે તે મોમન નથી. ડરવું એવી રીતે જોઇએ કે ખુદાના દીદારથી દુર ન થવાય.

(ધારસલામ તા૦ ૨૯-૯-૧૮૯૯)

* * * *

ઇનસાન મોમન લીબાસ સારો પહેરે છે. તે થોડાં ગુનાહ કરે તોપણ તે-

ની નજરમાં તે ગુનાહ મોટા જણાય છે. તે જલદી બીજો પહેરવેશ પહેરી લે છે.

(ધારસલામ તા૦ ૨૯-૯-૧૮૯૯)

* * * *

મોમનને વાસ્તે પહેલું કામ એ છે કે હેવાનની હાલત છોડી આપે. હેવાનની હાલત છે તે બદ છે.

(જામનગર તા૦ ૪-૪-૧૯૦૦)

* * * *

મોમન હોય તે હાજર ઈમામના ફરમાન કબુલ કરે અને જે કાંઇ હાજર ઇમામ હુકમ ફરમાવે તે માથે ચડાવે... મોમનને દુનીયામાં કાંઇપણ નુકશાન

થાય છે તેનું દુઃખ થતું નથી, દુનીયા-ની મોટાઇ મેળવવા વાસ્તે બળતરા ન કરવી. દુનીયા ઉપર મોહબત નહી રા-ખવી. પોતાનો ફરજંદ ગુજરી જાય તો પણ શોક ન કરવો. દુનીયામાં મુમનને નુકસાની થાય તોપણ ગમ ન કરે. દી-નનો મ્રતકાદ ને ઇમાનની નીશાની એ-જ છે.

(જામનગર તા૦ ૮-૪-૧૯૦૦)

*    *    *    *

મોમનની નીશાની એ છે કે એક વખતમાં રાજી થઇ જતો નથી. મોમન ની નીગાહ હમેશા ઉંચે જવાની હોયછે મોમનનો ખ્યાલ એવો હોય છે કે હું

ફીરસ્તો થઇ જાઉં અને વહી જબરાઇલ ને ર્‌હોંચુ.

(રાજકોટ તા૦ ૨૧—૧૦—૦૩)

*　　*　　*　　*

જે લોકો ખુદાવંદના મોમન હોય છે, તેમને બઇયત કરાવવાને ઇમામ પોતાના વારસ નેમી જાય છે. મોમનોને વાજબ છે કે તેઓએ તે વારસનાં ફરમાન માનવાં જોઇએ.

(કચ્છ મુંદ્રા તા૦ ૨૨—૧૧—૦૩)

*　　*　　*　　*

ખોટું બોલવું, હરામખોરી કરવી અથવા જે બીજાં બે ફરમાનીનાં કામ છે તેનાથી પળે પળ બીવું. મોમન છે

તે તરવાર અથવા કોઈ બીજું હથીયાર તેમ મોતથી પણ ડરતો નથી. મોત તો મોમન વાસ્તે ખુશીનો દિવસ છે, કારણ કે આ શરિરનાં બંદીખાનામાંથી છુટી જવાનો તે દિવસ છે. * *

અગાઉ જે મોમન થઇ ગયા છે, તેઓએ તરવારના ઘા સહન કીધા છે. તેઓએ કેટલી મુશીબતો અને મહેનતો ઉપાડેલ છે. મોમન છે તે શીરસ્તાથી પણ ઉંચી જગાએ જઈ શકે છે.

(જંગબાર તા૦ ૧૭-૯-૦૫)

* * * *

મોમનને વાજબ નથી કે પોતાની નીગાહમાં આવે તેમ કરે.

(જંગબાર તા૦ ૪-૧૦-૧૯૦૫)

જે કોઇ મોમનની એવી ઇચ્છા હોય કે રાત દિવસ ખુદાને રાજી કરૂં અને શેતાનને તાબે ન થાઉં, તેની પહેલી ફરજ છે કે જે મોમન હોય તેનાં દિલને રાજી કરે.

(જંગબાર તા૦ ૬-૧૦-૦૫)

*        *        *        *

ઇન્સાન ઉપર જે દુઃખ પડે છે, તે મોમનને સુખ રૂપે લાગે છે. ઇન્સાન ઉપર બીમારી, કોઢીયાપણું, રગતપીત વગેરે દર્દો આવે છે, પણ મોમન તેનો અંદેશો રાખતો નથી.

(મુંબાસા તા૦ ૧૪-૮-૦૫)

મોમન છે તે કોઇપણ બીમારી અથવા બીજી બાબદથી ડરતો નથી. મોમનને ખુશી અથવા નાખુશી શા માટે જોઇએ ? મોમન જ્યારે ગુજરી જાય છે, ત્યારે ખુદાવંદતાલાની હજુરમાં પહોંચે છે. મોમન હોય તે દીન પર મજબુત થઇને ચાલે. એ નીશાની મોમનની છે. મુરીદની ફરજ એ છે કે મુરશીદના હુકમસર વરતે.

(મુંબાસા તા૦ ૭-૧૧-૦૫)

* * * *

તમે અમોને જાહેરમાં મેમાનીઓ કરોછો, તેમ અમારા મોમનો અમોને બાતુનમાં રાત દીવસ મેમાનીઓ કરેછે.

(પુના તા૦ ૧૮-૨-૧૯૦૬)

* * * *

મોમનની નીસાની એ છે કે, કદી પણ મતલબ વગરની અથવા ગેરવાજબી વાત કરતો નથી.

(મુંબઇ તા૦ ૯-૧-૧૯૦૮.)

* * * *

કોઇની દુસમની કરવી મોમનને વાજબ નથી. કાફરની પણ દુશમની નહી કરવી.

(રાજકોટ તા૦ ૨૦-૨-૧૦)

---

## (૧૭) ઇમાન.

ઘોડારૂપી નફશ સેતાન છે તેનાપર

સ્વાર તે મોમન શખ્સ છે ને લગામ તે ઇમાન છે.

(જંગબાર તા૦ ૪-૭-૧૮૯૯.)

*　*　*　*

જેમ તમે પઇસાને સંભાળો છો તેમ આ દીન તથા ઇમાન જે અમુલ્ય ચીજો છે તેમને પણ સંભાલજો. રખે ને કોઇ ચોર આવેને લુટી ન જાય. તમારૂં ઇમાન તમો ચઉટામાં રાખી આપશો તો ચોર અથવા વટેમારગુ લઇને ચાલ્યો જશે.

(જંગબાર તા૦ ૪-૭-૧૮૯૯)

*　*　*　*

ઇમાન એક અનુપમ દાગીનો છે.

તમે હમણાં સમજતા નથી. જ્યારે મરસો ત્યારે ફાયદાની ખરી કીમત માલમ પડશે. ઝવેરાતને ન ઓળખે ત્યાં સુધી ખબર પડે નહિ. મરસો ત્યારે સમજ પડશે. * * *

મારી વાતો સાંભળીને અમલ કરશો તો ઇમાન સલામત રહેશે. દુનીયામાં રોશની થશે. * * *

તમે પોતાની સંભાળ બરાબર રાખો અને ઈમાન સાબીત કરો.

(જામનગર તા૦ ૫-૪-૧૯૦૦)

* * * ૦

એવો ખીયાલ નહિ કરશો કે, પૈસા

ખરચીને મોટુ જમાતખાનું બનાવવામાં ઇમાન છે...તમારૂં ઇમાન તમારા દીલમાં છે તેને હીમત આપો.

(વઢવાણ તા૦ ૧૯-૧૦-૦૩.)

* * * *

તમારૂં ઇમાન સાબીત રાખજો, અને પહાડ જેવું મજબુત કરજો.

(રાજકોટ તા૦ ૨૪-૧૦-૧૯૦૩)

* * * *

ઇનસાનનુ ઇમાન ઝાડ જેવું નહિ હોવું જોઇએ, ઝાડને આ તરફનો પવન લાગે તો આ તરફ ઢળે છે, અને પેલી બાજુનો પવન લાગે, તો પેલી બાજુ નમી જાય છે. ઇનસાનનું ઇમાન

એવુ નહિ જોઇએ કે, હરકોઇ માણુસ પાસે આવીને તેનું દીલ લઇ જાય. જેમ આ ગીરનારનો પહાડ હમેશાં એક જગ્યાએ સ્થીર થઇને ઉભો છે, તેવું પહાડ માફક મોમનનું ઇમાન જોઇએ.

(મંજેવડી તા૦ ૨-૧૧-૧૩)

*　　*　　*　　*

આ ગીરનારના પહાડ જેવું તમારૂં ઇમાન મજબુત રાખો.

(મંજેવડી તા૦ ૩-૧૧-૧૯૦૩.)

*　　*　　*　　*

તમે તમારૂ ઇમાન મારા ઉપર મ-જબુત રાખો. તમારો ઇત્તેકાદ ઇમાન

થોડો હોય, તે કારણથી બરાબર બંદગી કરો નહિ, અને મારે વીશે તમારા દિલમાં શક હોય, તેના કરતાં, તેટલું ઇમાન પણ નહિ રાખો તે વધારે સારૂં છે.

(કચ્છ મુદ્રા તા૦ ૨૧-૧૧-૧૯૦૩)

* * * *

બે દીનની સોબતથી તમારા ઇમાનમાં ખલલ પડી જશે, અને તમે પણ બે ઇમાન થઇ જસો. પીઆજનું એક છીલટું સડેલું હોય તો તેની સોબતવાળા સઘળાં પણ સડી જાય છે. માટે બે દીન લોકોથી દુર રહેજો.

(કચ્છ નાગલપુર તા૦ ૨૭-૧૧-૧૯૦૩.)

જે માણસનું ઇમાન સલામત છે. તેજ ખરો સાહુકાર છે.

(કચ્છ નાગલપુર તા૦ ૨૯-૧૧-૧૯૧૭)

*    *    *    *

તમારૂં ઇમાન પાક જોઇએ

(જંગબાર તા૦ ૬-૧૦-૧૯૦૫)

*    *    *    *

દીલમાં જરાપણ મેલાઇ રહેશે, તો ઇમાનને નુકશાન છે જરાપણ હસદ હશે, તમારી નજર પાક નહિ હશે તો તમારૂં ઇમાન કદી પણ પાક રહેવાનું નથી.

(જંગબાર તા૦ ૩૧-૧૦-૧૯૦૫)

*    *    *    *

માણુસ ઇમાન વડે પાક થાય છે. ઇમાની મીશાલ પાણી જેવાછે જો પાણી સાફ હોયતો સુરજનું પ્રતિબીમ્બ તેમા પડે છે, તે દીઠામાં આવે છે એવીજ રીતે નુરને જોવા માટે ઇમાન સાફ હોવું જોઇએ.

(મુંબાસા તા૦ ૧૪–૮–૦૫)

*  *  *  *

---

## (૧૮) મઝહબીકેળવણી.

તમારામાં કેટલાક એવા ઇમાનદાર માણુસોની જરૂર છે, કે જેઓ કુરઆને શરીફ પડયા હોય, તેમજ જ્ઞાનમાં પણ બરાબર વાકેફગાર હોય  *  *

તમારામાં ૧૦-૧૨ વરસના છોકરા હોય તેઓને તાલીમ આપો, તો અલપ-તાં તેઓ વાકેફગાર થઇ શકે * *

આજથી દશ બાર વરસ અગાઉ એવા પાંચથી દશ જણ કે જેઓ કુર આને શરીફ પડયા હોય, તેમને મારી પાસે મોકલવામાં આવ્યા હોત, તો હું આપણા દીનના દરેક કાયદા કુરઆને શરીફમાંથી કહાડી આપત.

(જંગબાર તા૦ ૧૩-૭-૧૮૯૯)

* * * *

તમે જ્ઞાન શીખો અને એકબીજાને શીખવો. તમે જ્ઞાન પડો તેનો અર્થ સમજશો તો ફાયદો થશે. જો અર્થ

નહિ શીખો, તો કાંઇ ફાયદો નથી. જ્ઞાન વાંચવાં અને અર્થ નહિ સમજવા, એ તો ગધેડા કુત્રા ભુકે છે, તે પ્રમાણે થયું. માટે તમે જ્ઞાન વાંચો અને તેના ભેદ સમજો. તમે હિંદુ હતા, ત્યારે વખતને અનુસાર આસ્તેથી તમોને સમજણ આપવામાં આવી. જો તુરત તમને કહેવામાં આવત કે મુસલમાન થાઓ, તો તમે કબુલ નહિ કરત, પણ આસ્તેથી સમજાવીને તમને મુસલમાન કરવામાં આવ્યા. અમોએ તમને જ્ઞાન આપ્યાં છે, તે સમજીને પડવાં જોઇએ અને એક બીજાને શીખવવાં જોઇએ.

(જંગબાર તા૦ ૩૦—૭—૧૮૯૯)

*         *         *         *

જેઓ જાણે છે તેઓ હુજ વધારે શીખે. જેઓ શીખ્યા નથી તેઓ શીખે * * કિતાબ મઉલાના રૂમ તથા કિતાબ શાહ શમ્સ તબ્રેજની તમે પડશો તો તમને ખબર પડશે, કે કયો રસ્તો સારો છે.

(જંગબાર તા૦ ૧૩—૯—૯૯)

*         *         *         *

પહેલાં વાજબ તથા લાજમ છે કે બચ્ચાંને જ્ઞાન શીખવો, કેમકે તમારી ઝબાન જ્ઞાનથી હળેલી છે. તમે તમારી ભાષામાં ઈલમ પડો, તો તમોને ફાયદો

થાય. ઇબરાની, સુર્યાની આ ભાષા, અ-
થવા પેલી ભાષા ખુદાને વાસ્તે સવે
એકુજ છે.

(જંગબાર તા૦ ૧૪-૯-૯૯)

* * * *

અમારી ત્વારીખ પડો ને પુકીઉં
પડો. સઘળી ત્વારીખો પડો. બની ફાત-
માહત ઇસમાઇલી ઇમામો જેઓ મીસ-
રમાં બાદશાહો થઇ ગયા છે, તેઓની
ત્વારીખ પડો. અમારા દાદાઓએ ૨૦૦
થી ૩૦૦ વરસ મીસરમાં બાદશાહી કરે
લ છે, એ ત્વારીખો પડો.

(જંગબાર તા૦ १६-९-९९)

* * * *

હું જોઉં છું કે મારા દીનમાંથી ફરીને કોઇ ઇસ્નાઅશરી અથવા સુન્ની થઇ જાય છે, તેમાં હું અજબ થતો નથી. કારણકે તે પોતે બેઇલમ છે. બે અક્કલ આદમ માટે હકીકતી દીન ઘણોજ મુશ્કીલ છે. બેઅકકલને માટે અમારો દીન ઘણોજ મુશ્કીલ છે.

(ધારસલામ તા૦ ૨૯-૯-૯૯)

*　　*　　*　　*

તમો બચાઓને દીનથી વાકેફગાર નહિ કરો તો તેએ ખરાબ થઇને બીજાના દીનમાં જશે તેમાં બચાંની તકશીર ગ-ણાસે નહિ પણ માબાપની તકસીર લે-ખાસે વળી માબાપોઓની તકશીર ઉપ-

સંત જે જમાતના મુખી કામડીઆએ ખબર નહિ લીધી હોય તેની પણ તક-સીર ગણાસે એવા દીનથી ના વાકેફગાર લોકો દીનમાંથી નીકળી જાય તેના અ-રધા ગુનાહ તેમના માબાપો ઉપર છે અને અરધા ગુનાહ મુખી કામડીયા તથા જ-માતના અમલદારીઓ ઉપર છે, કારણકે તેઓએ મહેનત લીધી નહી.

(રાજકોટ ૨૧—૧૦—૧૯૦૩)

* * * *

નાનપણથી બચ્ચાંઓને દીનની કીતાબ સીખાડો, હમેશાં તેમને જમા-તખાનામાં મોકલો.

(મંજેવડી તા૦ ૨—૧૧—૧૯૦૩)

નાનાં બચ્ચાંઓ માટે "ઈસ્લામી દીસબાઈલી નીશાળ" એવા નામથી સ્કુલ ઉઘાડો અને તેનો ખર્ચ સરકારી પઇસામાંથી કરજો. એ નીશાળમાં તમારા બચ્ચાંને રોજ ભણવા મોકલજો. નિશાળને માટે એવો એક માસ્તર રાખવો કે, જે સિધી ભાષા સાથે દીનઈલ્મ જ્ઞાન સાથે ગુજરાતી ભાશા તથા હિસાબ પણ શીખવી શકે. આવો માસ્તર રાખવાથી બચ્ચાં ધર્મ શીખવા ઉપરાંત દુનીયાનો ઇલ્મ પણ મેળવશે. માસ્તર હુશીયાર હોવો જોઇએ, તેમ રૂહાની ઇલ્મથી પણ વાકેફગાર હોવો જોઇએ.

(ફરમાન નાગલપુર તા૦ ૨૫-૧૧-૧૯૧૩.)

ઇસમાઇલી દીનનાં જ્ઞાન શીખવવા માટે સ્કુલો સ્થાપવી, તેમાં ઘણો ફાયદો છે. દીન તથા દુનીયામાં તેનો ફાયદો મળશે બચ્ચાંને ઇલ્મ શીખાડવું તેમાં બધાં કરતાં ઉતમ ફાયદો છે.

(જંગબાર તા૦ ૧૬–૮–૧૯૦૫.)

* * * *

બચ્ચાઓને દીન ઇલ્મ, દુઆ, જ્ઞાન, ફરમાન, તવારીખ વગેરે કેલવણી આપવી અને તેઓને દીન ઉપર મજબુત કરવા.

(રાજકોટ તા૦ ૨૦–૨–૧૯૧૦.)

## (૧૯) કુરાને શરીફ.

તમારે વાસ્તે ઇલ્મ છે તે ગ્નાન છે. કુરાન શરીફને તેરસો વરસ થયા છે. તે મુલ્કે અરબની વસ્તી માટે છે ગ્નાનને સાતસો વરસ થયા છે, તમારે માટે ગ્નાન છે તે ઉપર તમે ચાલજો.

(જંગબાર તા૦ ૨-૭-૧૮૯૫.)

* * * *

તમારા ગ્નાનમાં જે ખુલાસા છે તે પ્રમાણે ચાલો ગ્નાનમાં તમારા દીનના સરવે ખુલાસા આપેલા છે.

(જંગબાર તા૦ ૪-૬-૧૮૯૯)

* * * *

પીર સદરદીને તમને જે ગીનાન બક્ષ્યા છે. તે કુરાને શરીફનુંજ સાર તત્વ છે. * * *

ખુદાવંદ તાલાએ જમીન તથા આસમાન પેદા કર્યાં છે તે શરવે ભાશા સમજી શકવાની કુદરત ધરાવે છે.

(જંગબાર તા૦ ૫-૭-૧૮૯૯.)

* * * *

જ્ઞાનની એક એક કડી કુરાને શરીફમાંથી હું તમોને કહી સંભળાવું.

(જંગબાર તા૦ ૧૩-૭-૧૮૯૯)

* * * *

આપણા દીનની દરેક વીગત કુરાને

શરીફમાંથી દેખાડી આપુ. કુરાને શ-રીફમાં ૧૦ ઠેકાણે અથવા તેથી પ-ણ વધારે ઠેકાણે સાબીત કરી આપુ. તમો લોકો કુરાને શરીફ જાણુતા નથી અને જેઓ જાણે છે તેઓ પણ પોપટ માફક વાંચી જાય છે તેમાં શું ફાયદો? ......તમારામાંથી ઘણા જણ કુરાને શરીફ વાંચી જાણે છે. પણ માયના સમજતા નથી.. ...જે કુરાને શરીફ પડયા કરે અને તેની માયના સમજતો ન હોય પણ ફકત બુમો પાડી જાણતો હોય તે ગધેડાની મીસાલે છે. મતલબ સમજણ વગર પડવું નકામું છે.

(જંગબાર તા૦ ૧૩-૭-૧૮૯૯)

તમે હીંદુ હતા. પીર સદરદીને કુરાને શરીફની તફસીરમાંથી ગ્યાનો રચીને તમોને સંભળાવ્યા. જે અરબો આપણા દીનમાં છે તેઓ કુરાને શરીફપરથી આપણો દીન કબુલ કરે છે ને કુરાને શરીફપરથીજ આપણા હકીકતી રસ્તાપર ચાલે છે તેઓ તમારાથી પણ વધારે ઇમાની અને ઇતકાદવાળા છે.

(જંગબાર તા૦ ૧૩–૭–૧૮૯૯)

* * * *

જે ઇમામનો વારો હોય તેના ફરમાન ઉપર ચાલશો તો તમોને ફાયદો થશે: અસલમાં તૈરાત, ઈંજીલ, જબુર,

ફુરકાન એ સરવે જુદી જુદી કોમો ઉપર નાજીલ થયા હતા. તે સરવે સત્ય હતા.

જયારે કુરાને શરીફ નાજીલ થયું ત્યારે અરબ લોક હતા. આ વાતને તેરસો વરસ થઇ ગયા છે. તમોને સાતસો વરસ ઉપર ગ્નાન આપવામાં આવ્યા છે તે બરાબર ઓળખીને વાંચજો. ગ્નાનની ચાર તરેહની માયના થાય છે તે બરાબર સમજીને વાંચજો, તમોને કોઇ ઠેકાણે સમજણ ન પડે તો મારી પાસે આવીને મને પુછજો. હું તેનો ખુલાસો કરી આપીશ......અરબી ભાશા તમે જાણતા નથી અને કુરાન શરીફ વાંચો તો તમે

શું સમજો ? તમે એકનું બીજું સમજી બેસસો.

(જંગબાર તા૦ ૩૦-૭-૧૮૯૯.)

* * * *

કુરાને શરીફ પણ હીકમત તથા દાનાઇ સાથે પડો તો વાજબી છે પણ હીકમત દાનાઈ વગર પડે છે તે ગધેડા છે. હિકમત સાથે પડશો તો ફાયદો થશે.

(જંગબાર તા૦ ૧૪-૮-૧૮૯૯)

* * * *

યઝીદ એક અરબ હતો, જાહેરીમાં મોલાનો બત્રીજો થતો હતો, જાહેરીમાં કુરાને શરીફ ઘણુંજ પડતો હતો. તથા મુસલમાન પણ કહેવાતો હતો પણ હા-

જર ઇમામનો ઘરનો દુશ્મન હતો તે કારણથી કુતરા કરતાં પણ બદતર થયો. તમારા દીલને બરાબર સમજાવો.

(જામનગર તા૦ ૮-૪-૧૯૦૦)

## (૨૦) બઇયત (કાંગવા)

તમે દ્રાક્ષ તથા લવીંગથી કાંગવો ભરો છો, પણ માયના સમજતા નથી. આવી બાબદો વિષે તમારા દિલમાં વિચાર કરવો જોઇએ * * *

તમે કાંગવા, કાંકણ છાંટા કરો છો, પણ તેની માયના ધ્યાનમાં લેતા નથી. એક બીજાને જોઇનેજ કરો છો

(જંગબાર તા૰ ૧૩—૭—૯૯)

*　*　*　*

તમે કાંગવો ભરો છો, તેની માયના જાણો છો ? કાંગવાની માયના એ છે કે તમે અમારા મુરીદ થયા અને તમે અમારી બઇયત કરી. હ૰ અમીરલ મોમનીનના જમાનામાં પણ બઇયત કીધેલા માણસો હતા, તેમાંના કેટલાક બઇયત કરીને ફરી ગયા. તેઓ ઘણા ખરાબ હતા.

(જામનગર તા૰ ૩—૮—૧૯૦૦)

*　*　*　*

કાંગવો ભરવાની મતલબ એ છે કે તમે મુરાદો મને કોલ આપો છો કે

તમે મારા ઘરની ખીજમત તથા તાબે-દારી કરશો. એ પ્રમાણે તમે મારી બંદગી બજાવત કરો છો.

(સુરત તા૦ ૧૨-૧૦-૦૩)

*　　*　　*　　*

મારા ફાંગવા ભરનાર મારી સાથે એવો કોલ કરે છે કે જ્યાં સુધી જીવ-તા છીએ, ત્યાં સુધી તમારાં ફરમાનથી કદીપણ બહાર જશું નહિ. હું પણ તે-ઓને એવી જામીનગીરી આપું છું કે પેલી દુનીયામાં પણ તમે મારી પાસે હશો અને હું તમારી પાસે હોઈશ.

(વઢવાણ તા૦ ૧૯-૧૦-૦૩)

*　　*　　*　　*

તમે બહાદુર કરો છો કે અમે તમારા તાબામાં થયા. એ વાત તોડી નાંખો ત્યારે એતો મશ્કરી થઇ. તમે મશ્કરી કરવા તો નથી આવતા ?

(રાજકોટ તા૦ ૨૧-૧૦-૦૩)

*　　*　　*　　*

જેઓએ અમારા કાંગવા ભર્યા છે. તેઓએ અમારી બહાદુર તાબેદારીનો કોલ આપયો છે અને અમે પણ જામીનગીરી આપી છે કે જેઓ મોટું કામ કરે છે તેઓને અમારો દસ્ત બક્ષીએ છીએ

(રાજકોટ તા૦ ૨૪-૧૦-૧૯૦૩(

તમે કાંગવા ભરો છો એટલે મારી બઈયત કરો છો, એટલે કે, તમે કોલ આપીને તમારો હાથ મારા હાથમાં આપો છો. કોલ એ છે કે, તમારી હયાતી સુધી મારૂં ફરમાન તમારી ગરદન ઉપર હોય, અને તમે મારી ફરમાન બરદારી કરો જેમ ગરદનમાં રસી હોય તેમ મારૂ ફરમાન અકકલથી ગરદન ઊપર રાખવું. * * *

જે માણુસો મારી ફરમાન બરદારી કરે છે, અને મારો કાંગવા ભરીને મારી તાબેદારીનો કોલ આપે છે તેને હું પણુ કોલ આપુ છું કે હું પણુ તેનો હાથ આખરતમાં પકડીશ.

(મંજેવડી તા૦૩૧-૧૦-૧૩)

## (૨૧) જીવતાં બહેસ્ત.

તમે એવા અમલ નહિ કરો કે જ્યારે તમે આ દુનીયા મુકીને જાઓ, ત્યારે, વધારે તંગ જગ્યામાં જઈ પડો, એવી જગાપર પહોંચવાની તજવીજ કરો કે, મોટી કુશાદે જગામાં પહોંચો. તમે અરસે અજીમપર પહોંચો. અરશે અજીમપર તેનાથી પહોંચાય કે જે પાક હોય છે. માટે તમારૂ દીલ પણ પાક કરો. જો તમારૂ દીલ પાક થાય તો આ દુનીયામાં તમે અરશે અજીમ જોઇ શકશો.

(મંજેવડી તા૦ ૩-૧૧-૧૯૦૩.)

* * * *

બીજા બધા દીનમાં એમ લખેલું છે કે, આ દુનીઆમાં સારા થઇને ચાલસો તો મરી ગયા પછી તમને બહેસ્ત મળશે પણ આપણા દીનમાં તો એવું છે કે, જો તમે ગ્નાન શાસ્ત્ર પ્રમાણે ચાલો, ઇબાદત બંદગી કરો, પાક થાઓ, તો તમને જીવતાં તમારી હયાતીમાં બહેસ્ત મળે. આ દુનીયામાંજ બહેસ્ત ભોગવો, એ મોટો ફાયદો છે. પણ, જીવતાં બહેસ્ત મેળવવી, એ ઘણુંજ અઘરૂં કામ છે. હયાતીમાં બહેસ્ત લેવાને માટે તમારો ધર્મનો રસ્તો સાફ ને સાચો જોઇએ. બધા બંદા તેવા સાચા અને સાફ દીલના હોઇ શકે નહિ.

(કચ્છ ભદરેસર તા૦ ૨૫-૧૧-૧૯૦૩)

*　　*　　*　　*

જે ઇનસાન હકીકતી મોમન છે તે સારાં અમલ કરે છે. બહેસ્ત હમેસાં તેના હાથમાં છે તે પોતાનું ઇમાન ઘણું મજબુત રાખીને સાચે રસ્તે ચાલે છે, તેને દુનીયામાંજ બહેસ્ત છે, તમારૂં દીલ બહેસ્તમાં હોય તેમ તમારે ચાલવું જોઇએ.

(પુના તા૦ ૧૮-૨-૧૯૦૬)

# આભાર પત્રિકા.

આ બુકની ૧૨૦૦૦ (બાર હજાર) કોપી કલકત્તાવાળા શેઠ લખાભાઇ અહમદે દીનની લાગણીથી આવા શુભ પ્રસંગે દીનભાઇયોને વક્ફ કરી છે, તે માટે અમો તેમના અનહદ ઉપકારી છીએ. તેમજ અન્ય ગ્રહસ્થોએ આ બુકના બીજા ભાગની જે કોપીયો પોતાના લાગતા વળગતાઓને ભેટ આપીછે. તે માટે પણ અમો તેમનો ઉપકાર માનીએ છીએ !

આ મંડળની આવી ભેટ દર સાલ નિકળે છે, તેને ઉપલા ગ્રહસ્થોએ જે ઉતેજન આપ્યું છે, તે માટે અમો ફરી

થા ઉપકાર જાહેર કરીએ છીએ

લી० સેવકો.

શી. ઇ. ઈ. મિત્ર મંડળ

---

આ બુક સરકારમાં રજીસ્ટર
પ્રગટ કર્તાએ સર્વ હક સ્વાધીન રાખ્યા

* * * *

છાપનાર—મેનેજર વલીભાઈ નાનજી
ધિ ખોજા સિંધી પ્રીન્ટીંગ પ્રેસ;
૧૧૩ પાલખી મહોલ્લા મુંબઈ–૯.

* * * *

પ્રગટ કરનાર—ધિ શી. ઇ. ઈ. મિ
મંડળ વતી ખોજા પેન્ટરબાગ લાલજી
ગ્રાન્ટ રોડ–સ્લેટર રોડ મુંબઇ–૭